ISSN 0976 – 9609 V-Vidyanagar
વર્ષ: ૨૮ || અંક: ૧૦ || ઑક્ટોબર ૨૦૨૬ || સળંગ અંક : ૬૬૦

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चरुतर विद्यामंडल - वल्लभ विद्यानगर
कर्मण्येवाधिकारस्ते।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.ecvm.net

# ।। ગણપતિ મહોત્સવ-૨૦૨૬ ની ઉજવણી ।।



ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંલગ્ન **SEMCOM** દ્વારા ૧૪ થી ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન અત્યંત ભક્તિભાવ અને ઉત્સાહ સાથે ગણેશ ''એકદન્તાય'' મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી દરમિયાન વિવિધ ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનાથી વિદ્યાર્થીઓને સક્રિય સહભાગિતાની સાથે સાથે ટીમવર્ક, સંકલન, નેતૃત્વ, શિસ્ત, જવાબદારી અને કાર્યક્રમ વ્યવસ્થાપન (ઇવેન્ટ મેનેજમેન્ટ) જેવી કુશળતા વિકસાવવાની તક મળી હતી. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી ના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ પટેલ સાહેબ, ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ સાહેબ, સહ મંત્રીશ્રી મેહુલભાઈ પટેલ સાહેબ અને ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. ઇન્દ્રજિત પટેલ સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ગણેશ વિસર્જન સાથે આ મહોત્સવની પૂર્ણાહુતિ થઈ હતી. સમગ્ર ઉજવણીમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહપૂર્ણ સહભાગ જોવા મળ્યો હતો.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ચીમનભાઈ એમ. યુ. પટેલ આઈ.ટી.આઈ., ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે ગણપતિ મહોત્સવ-૨૦૨૬માં અન્નકુટ અને મહાઆરતીનું તારીખઃ૧૮/૦૯/૨૦૨૬ શુક્રવારના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં ચારુતર વિદ્યામંડળના માનદ્‌મંત્રી શ્રી ડૉ. એસ.જી. પટેલ સાહેબ અને કરમસદ આણંદ મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર શ્રી કમલેશભાઈ ખાસ ઉપસ્થિત રહયા હતા.




**તંત્રી**

રાજીવ પટેલ

**પરામર્શન**

ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદક મંડળ**

આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ

ભીખાભાઈ દેસાઈ

**પ્રકાશક**

ડૉ. શાંતિભાઈ જી. પટેલ

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

●

**મુદ્રક**

સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઑક્ટોબર-૨૦૨૬

વર્ષ : ૨૮ અંક : ૧૦

સળંગ અંક : ૬૬૦

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ : ૧૯૪૫


कर्मण्येवाधिकारस्ते


| **પ્રમુખ** | **ઉપપ્રમુખ** |
| --- | --- |
| શ્રી પ્રયાસ્વીનભાઈ બી.પટેલ | શ્રી મનીષભાઈ એસ.પટેલ |
| **અધ્યક્ષ** | **માનદ્ મંત્રી** |
| શ્રી ભીખુભાઈ બી. પટેલ | ડૉ. શાંતિભાઈ જી. પટેલ |

**માનદ્ સહમંત્રીઓ**

શ્રી મેહુલ ડી. પટેલ　શ્રી વિશાલ એચ. પટેલ

શ્રી રશ્મિકાન્ત આર. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયૉટૅક્નૉલૉજી, હૉટેલ મૅનેજમૅન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-

વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલ સ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળ સ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**ખાસ નોંધ : લેખકોએ પોતાનું લખાણ નીચે આપેલા ઈમેઈલ પર મોકલવા વિનંતી.**

**ઈ-મેઇલ:**editor.vidyanagar@gmail.com.

**તંત્રીશ્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.**

**ડૉ. રાજીવ પટેલ**
તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, મદદનીશ ગ્રંથપાલ,
ધ ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટી,
**વલ્લભ વિદ્યાનગર**

**આ માસની વિચાર-કણિકા**

નવ દરવાજે નાંગળ નાખ્યાં,
વશ કોની વસ્તી સારી,
ઉસ નગરી કો રાજા પકડ્યો,
નુરત સુરત  સે ઘર નિહાળી... નામની

|| પ્રાથમ્ય || શ્રાવણની ડાળ પર ફાગણ ? ...............૩
**સંકલન : એસ.જી.પટેલ લે. ભગીરથ બ્રહ્મભટ્ટ**

|| વૈભવ અને વારસો || ................................૫

**પદ્ય-વિભાગ :** રામદાસ
|| નવાં કાવ્યો || ..........................................૬
**પ્રતાપસિંહ ડાભી 'હાકલ', કેશુભાઈ દેસાઈ, બાબુ નાયક, હાર્દિક વ્યાસ**

|| વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** લાલ બહાદુર શાસ્ત્રી.....................૭
**ઉમાશંકર જોશી**

|| સંશોધન લેખ || ગિરનારી સતીઃ જશોબાઈ...........૮
**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**

|| નવલિકા || બારના ટકોરે...........................૧૧
**મનીષા રાઠોડ**

|| અભ્યાસ લેખ || કાંત'નાં ખંડકાવ્યોમાં કરુણરસનું નિરૂપણ....................................................૧૬
**રાજેન્દ્ર ઠાકર**

|| નારી વિશેષ ||  મેનોપોઝ : રજોનિવૃત્તિ............૧૯
**જસ્મિન ગુજરાથી, શચી પંડ્યા**

|| ગ્રામ વિશેષ ||  સરદાર વલ્લભભાઈ પટેલની દૃષ્ટિએ આદર્શગામ.................................................૨૩
**પૂજા ધીરુભાઈ ઘાડિયા**

|| ચિંતનકણિકા || Shakespeare Quote.........૨૬
**આર. કે. માંડલિયા**

|| સાંપ્રત || બહુધ્રુવીય વિશ્વ અને વૈશ્વિક દક્ષિણ માટે બ્રિક્સનું મહત્વ...........................................૨૭
**બી. એમ. પરમાર**

|| વિદ્યાવૃત્ત || ............૪, ૭, ૧૫, ૧૮, ૨૯, ૩૦



ISSN 0976-9609

|| પ્રાથમ્ય ||

## શ્રાવણની ડાળ પર ફાગણ ?

સંકલન : એસ. જી. પટેલ, લે. ભગીરથ બ્રહ્મભટ્ટ

આ વર્ષે શ્રાવણને શું થયું છે ? બળેવ ગઈ. અડધો શ્રાવણ ગયો. વરસાદ ખોવાયો છે. ખોવાયેલા વરસાદને ખેડૂતો શ્રાવણમાં ખોળે, મળે જ. આ તો શ્રાવણની પાસે પણ એ નથી. શ્રાવણ ખુદ કોરો ફરે છે. વરસાદને થયું છે શું ? તાલીમિત્રની જેમ હાથતાલી દઈને ચાલ્યા જવાનું એ ક્યાંથી શીખ્યો ? શ્રાવણ શિવજીનો મહિનો છે. શિવજીના તપ શ્રાવણમાં જ ફળે છે એ પુરાણો કહે છે. આ વર્ષે શ્રાવણ કોરોમોરો કેમ ? આ પ્રશ્ન ચિંતા કરાવે છે. શ્રાવણ આવે એટલે સરવરિયાં યાદ આવે આજે તો એ પણ જોવા નથી મળ્યાં. આ વરસે શ્રાવણ મહિનો સાવ રે કોરો કટ ! કોરોધાકોર ! શ્રાવણથી મેઘને કે મેઘથી શ્રાવણને વાંકુ પડ્યું છે ? સમજાતું નથી.

માણસનો અર્થ માનવતા કે માણસાઈથી ભરેલો ધબકાર. શ્રાવણનો અર્થ નભની પ્રસન્નતા ધરા ઉપર છલકાતી દેખાય. બંને વ્યાખ્યાઓ ખોટી ? વ્યાખ્યાઓ વિશે પુનઃ વિચાર કરવાનો સમય પાકી ગયો કે શું ? શ્રાવણની કાયામાં તરસ તડપે છે ? શ્રાવણ પોતે જ તરસ્યો થયો છે ? જે સૌને ઠારે એ જ તરસથી તડપે ? કૃષ્ણ સુદામા અને કુબેર યાચક બને એવો ઘાટ ઘડાયો છે.

અષાઢ મેઘરાજાને ભારે આવકાર આપીને ધરતી સાથે મિલન ગોઠવી આપે છે. એ મિલનની પ્રસન્નતામાં ડૂબી ગયેલી ધરતી આંખો મીંચીને આનંદમાં લીન થઈ ગઈ છે. ધરતી આંખો ખોલે છે ત્યાં તો અષાઢ ચાલ્યો ગયો છે અને શ્રાવણ આવીને ઊભો છે. શ્રાવણનું કામ અષાઢ જેવું જ હોવા છતાં શ્રાવણ કોરો ધાકોર ઊભો છે ! ધરતીની ખુલેલી આંખો અષાઢ શોધે છે. શ્રાવણ પોતે અષાઢની જગ્યાએ ઊભો છે. પણ પરિચય કરાવી શકતો નથી. ધરતીની કૂખમાં અષાઢમાં અંકુરાયેલી માંડવીનો ગર્ભ, મગનો ગર્ભ, બાજરીનો ગર્ભ જુદી જુદી અવસ્થાએ તલસાટ અનુભવે છે. તેને વિકસવું છે પણ શ્રાવણ રિસાઈને બેઠો છે. એની મમત છે નથી વરસવું બસ તરસવું છે. બધાં જ ગર્ભસ્થ સમેત ધરતી નિસાસા નાંખવા માંડી છે. અને અજન્મા અંકુરોની પણ આવતીકાલ ધુંધળી છે. કૃષિકોની આંખો ભીની છે.

લ્યો જન્માષ્ટમી પણ આવી અને ગઈ. છતાંય નભ કોરું મોરું છે. શ્રાવણ શંકર અને કૃષ્ણ બંનેનો મહિમા કરે છે. મહાદેવમાં ભીડ છે અને ગોકુળ-મથુરામાં ભીડ છે. શિવલિંગ ઉપર બીલીપત્ર થોકબંધ છે. જન્માષ્ટમીનો તહેવાર આવ્યો છે. રજા પડી છે. છાપાં બંધ રહ્યાં છે. નિયમિત રીતે શ્રાવણ પોતાની મેઘસવારી લઈને જ આવતો, આ વરસે ઠાલે હાથે કેમ ? જેમ અષાઢ દક્ષિણના પવનોને બોલાવી લાવે અને આકાશના વાદળોને હેઠે ઉતારી દે, દિશાઓ ડોલાવી દે... અને વાદળો વીંધીને નભ વરસી પડે... કોઈ જાદુગર ખેલ કરતો હોય એવો અજાયબ ખેલ રચાય છે. જળવર્ષા એ અષાઢનો પર્યાય બની જાય છે. અષાઢ કેવળ નભમાંથી જળને લાવતો નથી પણ પૃથ્વીના પેટાળ સુધીનો ભરોસો પ્રાપ્ત કરે છે. જાદુગર પકડાયા વગર પોતાની આવડતથી ખેલ કરે એમ આ મોટો અનોખો જાદુગર અષાઢી ખેલ પાડે છે ! એ ખેલમાં ધરતી પ્રસન્નતામાં પોઢી જાય છે. આ વરસે પ્રસન્નતામાં પોલી ધરતી જાગી ત્યારે આંગણે કોરો મોરો શ્રાવણ જોઈ રહી છે. શ્રાવણ કોરો હોવાનું કારણ શું ?

શ્રાવણની આંખો ભવાશૂન્ય કેમ બની ગઈ ? શંકર ભગવાન અને કૃષ્ણ લીલાધારી બંનેમાંથી કોઈ એકનો જાદુ કેમ ખપ નથી લાગતો ? શ્રાવણમાં કેમ ફાગણ-વૈશાખનો અનુભવ થવા માંડ્યો છે ? ચોમાસામાં કેમ ઉનાળાનું આક્રમણ અનુભવાય છે ?

શ્રાવણનાં સરવડાં એટલે શું ? એ અર્થ સમજાવવા હવે આપણે ક્યાં જઈશું ?

શ્રાવણમાં કેમ ભાદરવાનો આકરો તાપ લાગી રહ્યો છે ? અષાઢનો પ્રસાદ પીને, ખાઈને ધરતીની કૂખમાં સંતાનો જન્મ પામવા માટે સજ્જ થયાં છે. વૃક્ષોની ડાળે ડાળે કૂંપળોની શોભા દેખાય છે. પાનખરને અષાઢે ધોઈ નાખી છે. પીળો રંગ પોઢી ગયો છે. હવે ધરતીની કૂખમાંથી લીલો રંગ પ્રગટી રહ્યો છે. સવારનો સૂર્ય હવે આકરો થાય છે. શ્રાવણમાં સૂર્યને નરી આંખો લાડ કરી શકાતાં. એની સામે પ્રિયાની જેમ જોઈ શકાતું આ વરસના શ્રાવણમાં તો સૂર્યને પણ પ્રિયતમ નથી બનવું કે શું ? અષાઢે પૃથ્વી ઉપર જે લીલારંગની પીંછી ફેરવી છે, એની ઉપર સૂરજની લાલ આંખ પીળી પીંછીની જેમ ફરે છે.... અરે આ શું ? કૂણી કૂણી કૂંપળો રડી રહી છે ! તડકો સોનેરી રંગના કુંડા લઈને ફરે છે અને લીલાંછમ વૃક્ષો આજના શ્રાવણમાં ફાગણનાં રૂપ લઈને કેમ બેઠાં હશે તેનું વિસ્મય છે !

ધરતી સમજાય છે, નભ પણ સમજાય છે. વાદળ અને વર્ષા પણ સમજાય છે. પણ નથી. સમજાતી શ્રાવણી કોરી વર્ષાઋતુને ! જે પરિવર્તિત થતી જાય છે. શ્રાવણની ડાળ ઉપર ફાગણને હિંચકતો જોઈને વિસ્મય થાય છે ! ધરતીની કૂખમાંથી બહાર નીકળતી કૂંપળની ભૃણહત્યા જેવી સ્થિતિ જોઈને વ્યથા થાય છે. હે ઋતુદેવી, રાણી ! તું પણ માણસની જેમ આમ સાવ છેલ્લે પાટલે બેસી, હેવાનિયત આચરે ? ના રે ના... મને લાગે છે માણસને બોધ આપવાની આ પણ તારી એક રીત છે કે માનવજાતને કશાની તું પ્રતીતિ કરાવે છે ?

---


માનદ્ મંત્રી

ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦

E-mail : sgpatel1948@gmail.com


---

## ।। વિદ્યાવૃત્ત ।।

### એમ. યુ. પટેલ (ટેક.) હાઈસ્કૂલ શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

વલ્લભ વિદ્યાનગરની એમ. યુ. પટેલ (ટેક.) હાઈસ્કૂલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે બ્રહ્માકુમારી સિંદુરાબેન, હીરાભાઈ તથા સરોજબેનની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમના પ્રારંભે શાળાના આચાર્ય શ્રી હસિતભાઈ પાઠકે સ્વાગત પ્રવચન કરી રક્ષાબંધન પર્વને એક નવી દષ્ટિથી સમજાવ્યું હતું. તેમણે રક્ષાબંધનને માત્ર ભાઈ-બહેનના સ્નેહ પૂરતું સીમિત ન રાખતા પ્રેમ, પવિત્રતા, પરસ્પર જવાબદારી અને રક્ષણના સંકલ્પનું પર્વ ગણાવી તેના આધ્યાત્મિક તથા સામાજિક મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. ત્યારબાદ બ્રહ્માકુમારી સિંદુરાબેને પ્રેરણાદાયી પ્રવચન આપી રક્ષાબંધનના આધ્યાત્મિક મહત્ત્વ તથા જીવનમાં સદ્‌વિચાર અને પવિત્રતાના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શાળાની શિક્ષિકા શ્રીમતી ઇન્દિરાબેને કર્યું હતું, જ્યારે આભાર-વિધિ શાળાના સુપરવાઇઝર શ્રી ચૌધરી સાહેબે કરી હતી.




ISSN 0976-9609

## નામની નોબત વાગી

**રવિ સાહેબ**

ચરણ ગ્રહ્યાં જેણે ગુરુ સાહેબનાં
ત્યાં જમડા રહ્યા હારી,
કરણીનો કોટવાળ બેઠો કાયામાં,
નામની નોબત વાગી ભારી,
ઉલટી ફોજ એક ચડી ગગનમાં,
જઈ બેઠી દશમી બારી... નામની
નવ દરવાજે નાંગળ નાખ્યાં,
વશ કોની વસ્તી સારી,
ઉસ નગરી કો રાજા પકડ્યો,
નુરત સુરત સે ઘર નિહાળી... નામની
શીલ સંતોષ આવી બેઠા કાયામાં,
દોટું દિયે ત્યાં દયા નારી,
સુખમણા નારી માંહી સેજ બિછાવે,
ત્યાં નહિ લાગે લોભની લારી... નામની
રવિ સ્થળ ઉપરેં રિયાં અંજવાળી,
ત્યાં ન ચાલે ચોરની કારી.
કહે રવિરામ ગુરુ ભાણ પ્રતાપે,
સોઈ સંતનકું બલિહારી.
નામની નોબત વાગી ભારી.

રવિસાહેબ અનાહતનાદની નોબત વગી રહી છે તે રૂપકાત્મકવાણી દ્વારા સમજાવે છે.

જેને સાચા સતગુરુ મળ્યા તેને મૃત્યુનો ભય રહેતો નથી. આપણા દરેક ધર્મની ચોકી રાખનાર વિવેકરૂપી જાગૃત ચોકીદાર આપણી અંદર જ બેઠો છે. જ્યારે આપણી વૃત્તિઓ શાંત થઈ જાય અને પ્રાણની શક્તિ ઊંચે ચડીને બ્રહ્મરન્ધ્રમાં પહોંચે ત્યારે હરિનામની નોબત અનાહતદાન રૂપે ગગડી રહી છે તે સાંભળવા મળે છે.

---

“My ambition is not only to chronicle but to interpret and reveal the movement of the mind and unfold the sources of India in the profound plane of human nature.”

## ।। નવાં કાવ્યો ।।

### ગીત/ધજા ન ખાલી ધરમની (સૉનેટ)

**પ્રતાપસિંહ ડાભી 'હાકલ'**

ધજા ન ખાલી ધરમની
પાંચ પાંચ સદીએ દીઠેલાં સત,સંઘર્ષ, કરમની
રાજ હણાયો બૃહદ્દબલ્લ ને નગરી અવધ રોળાઈ
યુદ્ધ મહાભારત પછ્વાડે ફરકતી ક્યાં ખોવાઈ?
ફરી આજ અડે નભ ઊંચે, ગાથા ગાય ચરમની....ધજા
સૂર્યવંશી પ્રભુ રામનો એમાં સૂરજ ચળકે ઝળહળ
ઓમકારનો નાદ પ્રગટતો, સુણાઈ દેતો હરપળ
વાંચી શકો તો ત્યાં વંચાશે પદલિપી એ પરમની....ધજા
સંકરણ હો બે વૃક્ષોનું, વૃક્ષ ત્રીજું જન્માવે
અતિ પુરાણું કૌશલ એની સૌને યાદ અપાવે
કોવિદરનું ઝાડ કથા ક્હે, કશ્યપ ઋષિ મરમની....ધજા
સરયૂનાં જળ ઝીલી રહ્યાં છે ખળખળ માહે ફરફર
અંકિત રહેશે ઘડી અનુપમ, અંકિત રહેશે અવસર
મહેણાં સઘળાં ધ્વસ્ત થયાં ને ભાંગી ભૂજા ભરમની....ધજા

### સેંથી સોહે (સૉનેટ)

**બાબુ નાયક**

સેંથી સોહે કુમકુમભરી, દ્રશ્ય સુરમ્ય લાગે;
શીલા સૌમ્યા રતિરસમથી, રંજના રંગ રાગે.
સામ્રાજ્ઞી ઓ હૃદયભવને, દેવ ધન્યાધિષ્ઠાત્રી,
લાધી લેખે લલિત લલના, વ્હાલવર્યા વિધાત્રી.
ના સ્હેજે હું જગ સકલનાં શ્રેય, ઐશ્વર્યકામી,
ચાહું હું તો કમલદલ શા ઉર એકે વિરામી.
જ્યારે દેખું મૃદુમલકતી, ભાગ્યવંતી, શુભાંગી;
વ્હાલી વામા નખ-શિખ ખરે શીલવંતી સુહાગી.
સાલંકારી સમન સુષમા, અર્ણવે અર્ક કુંભા;
મુગ્ધાવેશે મધુરસ ધરે, જેમ પુષ્પે પતંગા.
હો સાન્નિધ્યે ખિલખિલ થતાં બીજ બોઉં બગીચે,
જોજે કેવાં મઘમઘ થશે તું ધરા નીર સિંચે.
સંસ્પર્શે તું સુફલ સુખદા સર્વદા સિદ્ધ થાશે,
સૌંદર્યોનાં કવિગણ થકી ગાન એવાં ગવાશે.

એ-૨૦૧, પાર્શ્વનાથ રોયલ રેસિડેન્સી, મુ.અડાલજ,
તા.જી.ગાંધીનગર (મો) ૯૩૨૭૦ ૮૪૭૪૩

### સ્વપ્ન શૈયા (સૉનેટ)

**કેશુભાઈ દેસાઈ**

ભારે નિતંબ કટિ પાતળી ને ઉરોજો
ઉત્તુંગ ઘુમ્મટ સમા તુજ વક્ષ મધ્યે
દૂંટી વળાંક વળી શોભતી ફૂલ જાણે
કંડારી છે ઉભય આરસપ્હાણ કોરી
જંઘા અનુપમ દીસે મૃદુ શિલ્પ જેવી
આંખો મહીં ઊમટતી કવિતા નિરાળી
ઘેઘૂર શાં વન વસે અલકાવલી થૈ
ને ગાલ લાલ વળી ઓષ્ઠ ને પાનીથી જે
સ્રવે ગુલાલ મલકે સઘળી દીવાલો
ખીલી ઊઠે સકળ આંગણું-શેરી-ગામ
સૌંદર્યની મદભરી મદહોશ મૂર્તિ
પાતાળનાં પડ ચીરી ફૂટતાં નવાણ
એ ચૂમવા ચરણ હું અધીરો સદાયે
રે તે હવે બની ગઈ મુજ સ્વપ્નશૈયા

૧૩-ઐશ્વર્ય-૧, પ્લોટ નં ૧૩૨, સેક્ટર-૧૯,
ગાંધીનગર-૩૮૨૦૨૧, (મો) ૯૦૧૬૭ ૭૭૬૭૬

### તમાશો જોઈ લીધો છે. (ગઝલ)

**હાર્દિક વ્યાસ**

તમે નાચ્યા હતા ત્યારે તમાશો જોઈ લીધો છે.
પછી સોંપ્યો જે દુનિયાને હવાલો જોઈ લીધો છે.
તમે બેસી ગયા તો થઈ ગયું ઊંચું એ આસન પણ,
અમે આસન ઉપરનો એ તકાજો જોઈ લીધો છે.
હવે એ આભમાં નક્કી કરે છે સ્થાન પોતાનું,
ધરા પરની અવસ્થાનો મલાજો જોઈ લીધો છે.
ઉતરતા કેટલા પંખી અને હોંશેથી એ ચણતા;
અમે ફળિયામાં છલકાતો ખજાનો જોઈ લીધો છે !
વહાલો સઢ ઉપર છોડી અમે મઝધારમાં ઊભા,
કિનારો સ્હેજ મલકાતો મજાનો જોઈ લીધો છે.
ઉચિત શું છે ? અનુચિત શું ? બધું જાણે છે એ મનમાં,
ઉમળકો એક સાથે મેં પ્રજાનો જોઈ લીધો છે.
હવાની એ જ સમજણ છે શિખર પણ સાથમાં કહેતું:
''નિખાલસ એ સાચો રંગ ધજાનો જોઈ લીધો છે...!''

વૃંદાવન પાર્ક-૩, એસ. ટી. ડિવિઝન સામે,
રામેશ્વર મહાદેવ મંદિરવાળી શેરી, લાઠી રોડ,
અમરેલી ૩૬૫૬૦૧ (મો) ૯૮૨૫૪ ૧૫૬૯૫

## ।। વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ।।

## લાલ બહાદુર શાસ્ત્રી

**ઉમાશંકર જોશી**

જીવનભર પોતાની તમામ શક્તિઓનો હિંદને પૂરો હિસાબ આપતા રહીને, સિદ્ધિની એક પરમ ક્ષણે, ગાંધીજી શાસ્ત્રીજી દૂર તાશ્કંદમાં ચિરશાંતિમાં પોઢ્યા. કોઈ વિરલ દાખલામાં બને છે તેમ, એમનું મૃત્યુ એમના સારાય જીવનકાર્યની મુદ્રા માનવજાતિના હૃદય ઉપર મૂકી ગયું. એ મુદ્રા છે શાંતિની, સમજણ-ની, માનવપ્રેમની.

અઢાર મહિના વડાપ્રધાન તરીકે શાસ્ત્રીજીએ ભારતનું સુકાન સંભાળ્યું. સત્તા એ એમને માટે સેવા કરવાની ઉત્તમ તક માત્ર હતી. દેશ કસોટીઓમાંથી પસાર થઈ રહ્યો હતો. શાસ્ત્રીજી બધી સમસ્યાઓની સામે અડગ હૃદયે કામે લાગી ગયા. એમના વ્યક્તિત્વના ઉત્તમ ગુણોનો સૌને પરિચય થયો. યુદ્ધમાં અકંપ ધૃતિ, શાંતિમાં ઉદાર સમજણ - એ એમની લાક્ષણિકતા હતી.

શાસ્ત્રીજીની મુખ્ય સિદ્ધિઓ બે છે : દેશને છિન્નભિન્ન કરી દે એવા કારમા આઘાતોમાંથી બહાર લાવીને એમણે રાષ્ટ્રીય એકતા દઢ કરી. દેશ સમગ્રની આશાઓની - આકાંક્ષાઓની મૂર્તિ એ બની રહ્યા - જેમ જવાહરલાલજી એમના સમયમાં હતા. શાસ્ત્રીજીની બીજી સિદ્ધિ છે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં. ભારતની હંમેશાં શાંતિની ખોજ રહી છે. ગાંધીજીના જીવનકાર્ય રૂપે એ જ પ્રગટ થઈ હતી. શાસ્ત્રીજીએ રસ્તે યુદ્ધ આવ્યું, પણ એ ભારતની અંતરતમ અભિપ્સાની મૂર્તિ બની ગયા.

શાસ્ત્રીજીને જે સિદ્ધિ સાંપડી તેમાં એમની નમ્રતા, સેવાદીક્ષા, ધૃતિ, ઉપરાંત કુનેહનો ફાળો પણ છે. સચ્ચાઈ એ જ એમની કુનેહ હતી. શાસ્ત્રીજીને દરેક વખતે સરખુ સૂઝતું, એનું મૂળ કારણ એમની સચ્ચાઈ, દેશના લોકો માટેનો નિર્મળ પ્રેમ, એ છે.

ગાંધીજી જેવા જે માટીમાંથી ઘડાયા હતા, તેવી માટીમાંથી શાસ્ત્રીજી ઘડાયા હતા. એને લીધે જ તેઓ માત્ર અઢાર મહિનામાં વિષમ કસોટીઓ વચ્ચે જગત રાજકારણના મંચ ઉપર ભારતને શોભે એવડા ગજાના નેતા તરીકે સ્થાન પામ્યા.

'હૃદયમાં પડેલી છબીઓ' પુસ્તક

(અરધી સદીની વાચનયાત્રામાંથી સાભાર.)

## ।। વિદ્યાવૃત્ત ।।

**ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં** ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ભારતરત્ન ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસને શિક્ષક દિવસ તરીકે ઉજવવા શાળાના પ્રિ.(ડૉ.) અમિતકુમાર ભટ્ટ સાહેબના માર્ગદર્શન હેઠળ પ્રવૃત્તિ ઇન્ચાર્જ હર્ષદકુમાર વાઘેલા અને શ્રીમતી અંકિતાબેન પટેલ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં, ૯૬ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે બી.એડ.કૉલેજના આસિસ્ટન્ટ પ્રો.(ડૉ.) મેહુલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

**ગો.જો.શારદામંદિર, આઈ.બી.પટેલ વલ્લભ વિદ્યાનગર** ક્રીડા ભારતી ગુજરાત પ્રાંત આણંદ જિલ્લો **વલય દંડ સ્પર્ધામાં** અંડર-૧૪ ધ્રુવી એન્ડ ગૃપ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તથા એમ.એસ.મિસ્ત્રી દ્વિભાષી, આઈ.બી.પટેલ (ગુજરાતી) અંડર-૧૭ દ્વિતિય નંબર પ્રાપ્ત કરેલ છે.

## ॥ સંશોધન લેખ ॥

## ગિરનારી સતી : જશોબાઈ

ચંદ્રકાન્ત પટેલ 'સરલ'

સૌરાષ્ટ્રમાં થઈ ગયેલાં મહિલા-સંત ભક્તોમાં મોટાભાગના મહિલા સંતોનું ગૃહસ્થી જીવન હતું. જેમાં પરબના હીરામાતા, સમઢિયાળાના ગંગાસતી, ધંધુકાના કોળી જ્ઞાતિના ઝાંઝીબાઈ પનારા, ભલગામના ભોળીઆઈ, સમઢિયાળી લોયલબાઈ, મોઢવાડાના લીરબાઈ, જૂનાગઢના મેઘબાળ રતનીબાઈ, માણિયાના નાગબાઈ, ભલગામના વાલબાઈમા, વવાણિયાના રામુબાઈ, (રામબાઈ નહિ) તથા જૂનાગઢના ગિરનારી રૂખડ સંત વેલનાથનાં બે પત્નીઓ જશોબાઈ અને મીણલબાઈ વગેરે જેવી ઘણી સંતનારીઓએ સંસારમાં રહીને પણ પરમપદ પ્રાપ્ત કર્યું હતું.

આવા સ્ત્રીસંતોમાં જશોબાઈ નામની એક ગૃહસ્થી સંત સાધ્વીની આપણે વાત કરવી છે. જશોબાઈનો જન્મ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાબાના માંડવડા નામના ગામમાં શિવભક્ત કોળી ઠાકોર લાખારાજને ત્યાં ઈ.સ. ૧૭૨૨ આસો શુકલપક્ષ-૨ (બીજ) ને ભૃગુવારના દિવસે થયો હતો. લાખારાજ દેત્રોજાને એક બીજી દીકરી પણ હતી. તેનું નામ મીણબાઈ કે મીણલ હતું.

બંને પુત્રીઓ પર માતાપિતાના ધાર્મિક સંસ્કારની ગાઢ અસર હતી. બંને બહેનો દરરોજ ગામના શિવાલયે જતી અને શિવ-શંકરને ફૂલો તથા દૂધનો અભિષેક કરતી.

જશોબાઈ તથા મીણલનો આ નિત્ય નિયમ હતો. તેમાં કોઈ જાતના ફેરફારનો અવકાશ ન હતો. પરંતુ તેઓના આ નિયમમાં અવરોધ ઊભો કરનાર સોહરાબખાન નામનો એક યુવાન હતો.

ઈ.સ. ૧૭૨૩માં સિંહોરના ગાદીપતિ ભાવ-સિંહજી ગોહિલે સિંહોર તજી દઇ પોતાની રાજધાની ફેરવી અને સમુદ્રકાંઠે આવેલા 'વડવા' નામના ગામડાં પાસે એક નવું નગર વસાવી તેનું નામ 'ભાવેણા' પાડયું. જે આજે ભાવનગર તરીકે કલાનગરી તરીકે ખ્યાતનામ છે.

ઈ.સ. ૧૭૩૨માં ભાવેણાના ધણી ભાવસિંહજી ગોહિલને આશ્રયે યવન સોહરાબ કે સોરાબખાન નામનો યુવાન રહેવા આવ્યો અને રાજ્યના કામકાજમાં મદદ કરતો હત. ભાવસિંહનો તે માનીતો થઈ પડ્યો.

ઈ.સ. ૧૭૩૨ની એક વહેલી સવારે જશો તથા મીણલ મહાદેવનાં મંદિરે શિવપૂજા માટે જતી હતી ત્યારે મોઢામાં દાતણનો ડૂંઘો સાથે ઘોડે સવાર થઈ સોરાબખાન નીકળ્યો તેણે આ બંને કન્યાઓને આડે ઘોડો રોકી બંનેને મંદિર જતી અટકાવી અને ઘર ભેગી થઈ જવાનો હુકમ કર્યો દસ-બાર વર્ષની બંને છોકરીઓ રાજ્યના માનીતા આ યુવાન સરદાર સામે કોઈ દલીલ કરી શકી નહિ. અને ઘેર આવીને પિતાજીને બધી વાત કરી.

એ દિવસે જ લાખારાજે દરબારગઢમાં જઈને ભાવસિંહજીને સોરાબખાન વિરુદ્ધ ફરિયાદ કરી અને ન્યાય અપાવવા વિનંતિ કરી આ વાતને ઘણો સમય થયા પછી પણ કોઈ સુખદ પરિણામ આવ્યું નહિ. સોરાબખાનના કોઈ ઉપકાર નીચે ભાવેણાનો ગોહિલ દરબાર દબાઈ ગયો છે. એવું વિચારી લાખારાજ દેત્રોજાએ ભાવેણામાંથી ઉચાળા ભરી જન્મ ભોમકાને રામરામ કર્યા.

અને જૂનાગઢ રાજ્યને ખંડણી આપતા વિસાવદર તાલુકાના ગામ માંડાવડમાં ઉચાળા ઠાલવ્યા. જૂનાગઢ રાજ્ય તરફથી ગામને આબાદ કરવા લાખારાજને એક શાંતીની ખેડવાણ જમીન પણ આપવામાં આવી.

જશો અને મીણલ યુવાવયે પહોંચતા લાખારાય દીકરીઓના હાથ પીળા કરવા કોઈ સંતસેવી-ધાર્મિક યુવાનની શોધમાં હતા અને તેને એવો યુવાન મળી ગયો. તેનું નામ વેલજી બોઘા મકવાણા હતું. અને તેણે નાથસંપ્રદાયની દીક્ષા ગ્રહણ કરી હતી. લોકો તેને રૂખડ સંત વેલનાથ એવા નામે ઓળખતા હતા.

 ISSN 0976-9609

વિ.સંવત ૧૮૦૪ ઈ.સ. ૧૭૪૮ ના માગશ સુદી-પંચમીને દિવસે લાખારાજે સગપણ પાકું કરી નાખ્યું અને ફાગણમાં જાન જોડી માંડવે પધારવાનું ગોઠવ્યું.

વિ.સંવત ૧૮૦૪ ઈ.સ. ૧૭૪૮ ના ફાગણ સુદ પંચમીને દિવસે ગિરનારના અનેક નાથસંપ્રદાયના સંતો, ગુરુ વાઘનાથ વગેરેને જાનમાં સોંઢાડી વેલનાથની જાન માંડાવાડ પહોંચી. પરણેતરાં થયાં. લાખારાજે તે દિવસે પોતાની બંને કન્યાઓને વેલનાથને એક જ માંડવે પરણાવી.

એ કાળમાં રાજા ભગવાનનો અંશ ગણાતો નવ વરઘોડિયા પરણી ઊતર્યા પછી રાજા આશીર્વાદ લેવા જતાં. વેલનાથ પણ બંને પત્નીઓ સાથે જૂનાગઢના નવાબ શેરખાનના આશીર્વાદ લેવા ગયા. નવાબે આશીર્વાદ આપી દીવાન દલપતરામને હુકમ કરી વરઘોડિયાને કીમતી બક્ષિસ અપાવી.

જશો તથા મીણલની બે બહેનપણીઓ પૂંજલ તથા રાજલ પણ શિવભકત હતી. તેમણે સંત વેલનાથની સિદ્ધિઓ વિશે સાંભળ્યું હતું. બંનેએ આજીવન કુંવારા રહી સંત વેલનાથની શિષ્યા બનવાનું નક્કી કરી. જૂનાગઢના વેલનાથના આશ્રમે આવી વેલનાથની કંઠી બાંધી અને જશો તથા મીણલના ગૃહકાર્યની સેવા ઉપાડી. આશ્રમની ગાયો દોહવી, વલોણું વલોવવું, રસોઈપાણી તથા સાધુ-સંતો વગેરેને ભોજનપ્રબંધ કરાવવો. ઈત્યાદિ કામ પૂજલ તથા રાજલ કરતી હતી.

ઈ.સ. ૧૭૫૨માં મીણલને ખોળે દયો નામનું બાળક અવતર્યું. જેને ''દયાનાથ'' નામ આપવામાં આવ્યું. એ દિવસ કારતક સુદી ૧૩(તેરસ)ને ગુરુવારનો હતો.

બાલુભાઈ બારોટ પાસેથી એક પદ જેવું કાવ્ય મળ્યું તેમાં પરિવારની એકતાનું ચિત્ર ઉપસ્યું છે.
પૂંજીબાઈ નેતરાં તાણે, રાજી પરખે મહીનીગોરી,
માતા મીણા હાલરું ગાય, જશો તાણે છે દોરી.

અહીં, ઘરની એકતાનું સુંદર ઉદાહરણ મળે છે. વેલનાથની બંને શિષ્યા પૂંજલ તથા રાજલ મહી વલોવે છે. રાજલ દહીની ગોળી તપાસી માખણનો કયાસ કાઢે છે.

બાળકને પારણે પોઢાડી માતા મીણલ હાલરડું ગાય છે. ત્યારે તેને સહાયરૂપ થવા જશોબાઈ પારણાની દોરી ખેંચે છે.

ઘણા લોકો પૂંજલ અને રાજલને વેલનાથનાં પત્નીઓ જ માને છે. પરંતુ એ બંને વેલનાથની શિષ્યા જ હતી. બંને સ્ત્રીઓ ભાવનગરના માંડવડા ગામની હતી અને જશો તથા મીણલની સહપાઠી હતી. પૂંજલ, સાગર શામજી પાથરની પુત્રી હતી અને રાજલ ઓઘા મનજી ગર્જ્જરની પુત્રી હતી. બંનેએ વેલનાથનું શિષ્યત્વ સ્વીકાર્યું હતું ને જૂનાગઢને સેવાકેન્દ્ર બનાવ્યું હતું.

વેલનાથ મહાન સંતપુરુષ થઈ ગયા છે તો તેમનું પડખું સેવનાર જશોમા તથા મીણલમા પણ આધ્યાત્મિક ક્ષેત્રે પાછળ થોડા રહે ? બંને સ્ત્રીઓ આજે પણ સતીરૂપે પૂજાય છે જેવા સંત વેલનાથ તેવી જ તેમની પત્નીઓ અને એવા જ પરગજુ પરોપકાર તેમના બે પુત્રો દયાનાથ અને ઠાકસીનાથ, કે જેમણે મેર સ્ત્રીનું વાંઝિયામેણું ભાંગવા પોતાના દેહનું બલિદાન આપી મેર સ્ત્રીને ત્યાં જન્મ લીધા હતા.

ડૉ. કે.એમ. કુડેચા લખે છે કે, એક સમયે નાગાબાવાઓની જમાત દત્તશિખરે ભેગી થઈ છે. ત્યારે યાત્રાળુઓનો એક સંઘ ''જય વેલનાથ, જય ગિરનારી વેલનાથ...'' ના જયઘોષ સાથે આવી રહ્યો હતો. ખાખી બાવાઓની જમાત વેલનાથના જયઘોષથી ભડકી અને પૂછયું, આ વેલનાથ કોણ છે? નવનાથમાં આ દસમો નાથ ક્યારે ઉમેરાણો ?''

સંઘના માણસોએ કહ્યું કે, વેલનાથ એ ગિરનારી ઓલિયા છે અને કોળીજ્ઞાતિના છે. તે જૂનાગઢમાં કાળવા ચોક પાસે આશ્રમ બાંધી રહે છે.

ખાખીઓની જમાત વેલનાથને પકડી લાવ્યા. સાથે તેની બે પત્નીઓ જશો અને મીણલ પણ હતી. ખાખીઓ કાળઝાળ થઈ ઊઠ્યા ને વેલનાથને ચીપિયા મારતા મારતા આગળ વધ્યા. બંને સ્ત્રીઓ ખાખીઓના ઘા ઝીલવા પોતાના દેહ આડા કરી રહી છે.

આ સમયે ત્યાંથી એક વાણિયાની દીકરાની સ્મશાનયાત્રા નીકળી ડાઘુઓની વિનંતીથી વેલનાથ મરેલા દીકરાને જીવંત કર્યો. વેલનાથની સિદ્ધિ જોઈને ખાખીઓનું ગુમાન ગળી ગયું. અને સંતની માફી માગી.

વેલનાથને થયું કે હવે મારે ઝાઝું રહેવામાં માલ નથી. તેઓ ભૈરવજય તરફ ભાગી નીકળ્યા. તેની પાછળ જશો અને મીણલ પણ ચાલવા લાગી ભૈરવજય પાસે ધરતી ફાટીને બાવો એમાં સમાઈ ગયાં. તેની સાથે મીણલબાઈ પણ ધરતીમાં ઊતરી ગયાં. જશો ચાલતાં ચાલતાં પાછળ રહી ગઈ ને વેલનાથનો પોકાર કરવા લાગી. ભૈરવજય પાસે આવતાં તેણે જોયું તો મીણલનો સાડીનો છેડો શિલાની તિરાડ બહાર રહી ગયો હતો. જશોબાઈ સમજી ગયા કે ધણી અને ધણિયાણી સમાધિસ્થ થઈ ગયા છે અને તેઓ બહાર એકલાં રહી ગયાં છે જશોબાઈ કલ્પાંત કરતાં કરતાં ભજન ગાય છેઃ

અમસું ગિરનારી અંતર કર્યો રે, વહાલે અંતર કર્યો રે,
પડદા પોસંગી વેલો રમવા ગિયો,
રમવા ગયો રે ખાવંદ જાતો રહ્યો...રે
ભોળવીને ભૂલવાડી ગિયો રે..
અમસું ગિરનારી અંતર કર્યો...
હો સગડ હોય તો, ધણીના, સગડ કઢાવું રે,
સગડ કઢાવું રે, ત્રણે ભુવનમાંથી
બાળુડાને લાવું....અમસું ગિરનારી અંતર કર્યો રે...

અહીં, જશોબાઈ આર્તનાદે પોકાર કરે છે પોતાને પણ સમાધિમાં લઈ લેવા આક્રંદ કરે છે આમ આરાધ ઉપર આરાધ ગાતાં ગાતાં રાત પડી ગઈ ગિરનાર માથે કાળી રાતના પડછાયા ફરી વળ્યા. જશોબાઈની આર્તવાણી વેલનાથને સમાધિમાં સૂતાં સૂતાં સંભળાય છે અને સંત વેલનાથ મધરાતે શિલા ખસેડી બહાર આવે છે. જશોબાઈને પણ સમાધિમાં ખાડામાં સમાવી લે છે.

અંતરથી કરેલો પોકાર દીનાનાથને પણ સાંભળવો પડે છે. તો પછી માનવીની વાત જ શી ? આરાધના શબ્દના પ્રવાહમાં બધાને તણાવું પડે છે. ડો. બળવંત જાની લખે છે કે આરાધ ઢંગ પણ ભારે હૃદયદ્રાવક છે. એમાં ભાવક તણાય છે, જાણે કે આરાધગાને ગત્યગંગા પ્રગટે છે અને એ ભાવગંગામાં ભાવકને, ભજનિકને પણ તણાવાની અનુભૂતિ થાય છે.

આવી અનુભૂતિમાં એકવાર સંગાથ સાંપડેલો ભાયાણી સાહેબનો, નંદિગ્રામમાં એક સંધ્યાએ સાથે હતા ડૉ. હસુ યાજ્ઞિક, નાથાલાલ ગોહિલ, ડૉ. નિરંજન રાજ્યગુરુ અને મારા મિત્ર મનોજ રાવલ.

કોઈ વનવાસી ભજનિક એકતારાની ઝણ-ઝણાટી સાથે રણઝણતી વાણીમાં મકરંદભાઈના ચરણે બેસીને તોળીરાણનો આરાધ ગાઈ રહ્યો હતો અને એમાં તણાયા હતા. એ આરાધ ભાવપૂરમાં આજે પણ એ સ્મરણ અકબંધ છે.

સંત વેલનાથ, જશોબાઈ, મીણલ, રાણી ગંગનાથ, દયાનાથ તથા ગુરુવાઘનાથ વગેરેનો સંપૂર્ણ ઈતિહાસ ખંખોળવાની જરૂર છે. જે કાંઈ બહાર આવ્યું છે તે અડધું-પડધું જ છે.

જશોમાના ૧૨ ભજનમાંથી માત્ર બે-ચાર ભજનો જ ગવાય છે. મીણલે રચેલાં ભજનોમાંથી ત્રણ જ મળે છે. સંશોધકોએ, ખાસ કરીને મુરબ્બી યશવંત મહેતા કે જેમણે નારીઓ વિશે ઘણાં પુસ્તકો કર્યા છે. તેમણે આ દિશા તરફ વળવાની જરૂર છે.

C/o ''સંસ્કૃતિ દર્શન''કાર્યાલય
''અનુરાગ'' રતનપરા શે-૧, બાગ દરવાજા,
મુ.માણાવદર-૩૬૨૬૩૦, જી. જૂનાગઢ
(મો) ૮૭૫૩૯ ૦૨૪૨૪/૯૯૨૫૧૭૪૧૭૬


ISSN 0976-9609

## ।। નવલિકા ।।

## બારના ટકોરે

**મનીષા રાઠોડ**

ધોમધખતો વૈશાખ માથે તાંડવ નૃત્ય કરી રહ્યો હતો. ભઠ્ઠીની આગને માત આપે એવો ગરમ પવન ફૂંકાઈ રહ્યો હતો. હું મારા ફ્લેટની બાલ્કનીમાં ઊભો-ઊભો બળબળતી બપોરમાં સ્તબ્ધ થઈ ગયેલા રસ્તા જોઈ રહ્યો હતો. હાડકાં ઓગાળી નાખે એવા તડકામાં કૂતરાઓ પણ પોતાનો મૂળભૂત સ્વભાવ (ભસવાનો) છોડીને શાંત થઈ ગયા હતા. ચારેતરફ વેરાયેલી નીરવતા અને શુષ્કતા જોઈને હૈયું બળી રહ્યું હતું. પણ એને જોઈને ધોમધકતા તડકામાં માવઠું થાય એવી ઠંડક થતી. એ રણમાં ઊગેલી હરિયાળી હતી. એ મારી ઠંડાઈ અને માવા મલાઈ હતી.

સામેના એપાર્ટમેન્ટમાં દસમા માળે એનો ફ્લેટ હતો. મા ભવાની ગબ્બર પરથી ઉતરે એમ દરરોજ બપોરના બાર વાગ્યાની આસપાસ એ નીચે ઊતરતી. એનાં દર્શન કરવા હું બારના ટકોરે અચૂક બાલ્કનીમાં હાજર રહેતો. એ પાર્કિંગમાં આવતી. પોતાના નાજુક, નમણા હાથથી સ્કૂટરને બહાર કાઢતી. ચહેરા પર કસકસાવીને બુકાની બાંધતી ને ઉપરથી ગોગલ્સ ચઢાવતી. હાથમાં કોણી સુધીના સફેદ મોજા પહેરીને સ્કૂટરનું સ્ટાર્ટર દબાવીને એક્સિલેટર ઘુમાવતી.

એ ક્યાં જતી, શું કરતી, એનું નામ, એની ઉંમરથી હું તદ્દન અજાણ. મેં ક્યારેય એ વિશે જાણવાની કોશિશ પણ નહોતી કરી.

''મારે એ બધું જાણીને કરવું છે શું ? એને બે ઘડી જોઈ લઉં છું, એમાં જ સ્વર્ગની અનુભૂતિ થાય છે. મારા માટે આ ક્ષણિક સ્વર્ગનું સુખ જ પર્યાપ્ત છે.'' મારું મન મને ઘણીવાર સમજાવતું.

''આમ બાલ્કનીમાં ઊભો-ઊભો જોયા જ કરીશ કે જરા હિંમત કરીને આગળ પણ વધીશ?'' ક્યારેક વળી મારું મન બળવો પણ પોકારતું.

''ના બાપા, મારે ઓળખાણ નથી કરવી. આ ક્ષણિક નયનસુખ મળે છે, એ પણ જતું રહેશે. રેવાદે, દોઢડાહ્યો થા મા.''

મારા મન અને બુદ્ધિ સામસામે દલીલોના ઘા કરતાં. એમાં રોજ મારી બુદ્ધિ મનને પરાસ્ત કરી દેતી. હું ગભરું હતો કે ગંભીર, એની મનેય ખબર નહોતી.

અઠવાડિયાના સાત અને મહિનાના ત્રીસ એવા આખા વર્ષના ૩૬૫ દિવસ પસાર થઈ ગયા, પણ મારો નિત્યક્રમ ન બદલાયો. આટલા દિવસોમાં એકપણ દિવસ એવો નહોતો ગયો કે તે બાર વાગ્યે નીચે ન આવી હોય. એવું તો શું કામ હશે કે જે તેને દરરોજ બપોરના બાર વાગ્યે કરવું પડતું હશે? અત્યાર સુધી માત્ર એના દર્શનથી તૃપ્તિ થતી હતી, પણ હવે એના વિષે વધારે જાણવામાં રુચિ હતી.

એક દિવસ હું પણ બપોરના બાર વાગ્યે મોઢા પર રૂમાલ બાંધીને રસ્તા પર મારી બાઇક સાથે ઊભો રહ્યો. એ નીચે આવી અને આગળ વધી. એની પાછળ પાછળ વીસ ફૂટ જેટલા અંતરે હું પણ બાઇકને કંટ્રોલ કરતો કરતો આગળ વધ્યો. પણ એ અચાનક ભીડમાં ક્યાં ઓગળી ગઈ, મને ખબર જ ન પડી. હું લીલા તોરણે ફ્લૅટ પર પાછો આવ્યો.

એ દિવસે ન તો એને જોવાનું સુખ મળ્યું કે ન એના વિષે જાણવાનું સુખ મળ્યું. તમાકુનો બંધાણી તમાકુ વિના તડપે એમ હું એના વિના તડપતો રહ્યો. મારા કરતાં બંધાણીઓ નસીબદાર હતા. જેનું વળગણ હોય, એને વીંટળાઈ શકતા, સ્પર્શી શકતા અને મન ભરીને માણી શકતા. આસપાસના વાતાવરણને કેસરિયા રંગે રંગી દેતા.

મારા જીવનમાં આ બુકાનીધારી છોકરીના દર્શન સિવાય બીજું કોઈ વ્યસન નહોતું. ગુટખા, પાન, બીડી કે દારૂને ક્યારેય પાસે નહોતા આવવા દીધા. એવા શત્રુઓને મિત્ર ન બનાવાય. એ નિર્ણયમાં હું મક્કમ રહ્યો હતો. પણ આ નારી જાતિના મોહપાશમાં

ક્યારે બંધાઈ ગયો, એની ખબર પણ ન પડી.

બીજા દિવસે પણ હું બાર વાગ્યે એનો પીછો કરવાના ઈરાદા સાથે મોઢા પર રૂમાલ અને કાળા રંગના ગોગલ્સ ચઢાવીને પહેલેથી તૈયાર હતો. એ બુકાની બાંધીને આગળ વધી અને હું તેની પાછળ પાછળ. આજે તો હું જાણીને જ રહીશ કે એ જાય છે ક્યાં? હું પાંપણનું શટર ખુલ્લું રાખીને એના રડારમાં જ ફરતો હતો.

પણ હાય રે કિસ્મત! એ આગળ ચાલી ગઈ અને તરત રેડ સિગ્નલ દેખાયું. હું ચાર રસ્તા પર જડાઈ ગયો અને એ હવામાં ઓગળી ગઈ. સિગ્નલ બદલાયું ત્યાં સુધીમાં તો એ ક્યાંથી ક્યાં પહોંચી ગઈ. હું રેડ સિગ્નલ પર રોષ ઠાલવતો ઘરે પાછો આવ્યો.

''હું શું કામ એનો પીછો કરું છું? એના વિષે જાણીને કરીશ પણ શું? એ જ્યાં જતી હોય ત્યાં જાય, એની મરજી. આવી રીતે કોઈનો પીછો કરવો એ ગુનો છે.''

મારી બુદ્ધિ મારા પર ખારી થઈ. પણ આ મનનું શું કરવું? એ જ મને ભર તડકામાં વગર કારણે દોડાવ્યા કરે છે. હું ઢીલો ઢફ થઈને મારી ઓફિસમાં બેઠો હતો. એના વિચારોથી મુક્ત થવા ફાઈલોના ઢગલા નીચે દટાઈ ગયો. પણ મારું ચંચળ મન મોરચે ચઢ્યું હતું. એ મૃગજળ પાછળ ઘેલું થયું હતું. એ કસ્તુરીની સુગંધને શોધી રહ્યું હતું. પણ એને ક્યાં ખબર હતી કે આ તો એક ભ્રમ છે.

''ક્યારેક ભ્રમ વ્યક્તિને જીવાડી દે છે. વાસ્તવિકતા વસમી હોય છે અને ભ્રમણા મોહક હોય છે. હું મોહી ગયો છું એના પર. આ મોહ પણ મને રૂપાળો લાગે છે.'' હું મન સાથે માથાકૂટ કરતાં કરતાં કામ કરી રહ્યો હતો.

''મનમાં ચાલતી ગડમથલ ચહેરાની રેખાઓ બદલી નાખે છે. કોઈ લાખ છુપાવવાની કોશિશ કરે, પણ ચહેરો દર્પણ બની જાય છે.''

''બંદા આજકાલ બદલાયેલા લાગે છે. શું વાત છે? તારા થોબડાની ઘડિયાળમાં બાર કેમ વાગ્યા છે?'' અવિનાશ મારા ખભા પર હાથ મૂકીને પૂછી રહ્યો હતો. એ સહકર્મચારી કરતાં મિત્ર વધારે હતો.

''કેમ, મારા માથા પર શિંગડા ઉગ્યા છે?'' મેં સહેજ ઊંચા સ્વરમાં કહ્યું.

''માથા પર નહીં, પણ દિલમાં કશુક ચોક્કસ ઉગ્યું છે.''

''બોલીવૂડની ફિલ્મો જોઈને તને બધે એવું જ દેખાય છે.'' મેં વાત ટાળવાનો સાવ ખોટે ખોટો પ્રયત્ન કર્યો.

''બકા, આ અનુભવી આંખો અંદર સુધી માણસને સ્કેન કરી શકે છે. તારી અંદર જે ગડમથલ ચાલે છે એને બરાબર સમજે છે. હવે ડોળ કર્યા વિના કહી દે કે એ કોણ છે? અને ક્યાં સુધી પહોંચ્યું?''

''ક્યાં સુધી પહોંચ્યું એટલે?''

''અરે ભાઈ, મેટર ક્યાં સુધી પહોંચ્યું? સામસામે વાત થઈ કે પછી હજીપણ તું ડાફોડિયા મારે છે?''

''એવી કોઈ વાત નથી. તને વહેમ થયો છે.''

''આ વહેમ છે કે પ્રેમ છે, એ તો સમય બતાવશે.'' એ પોતાના ડેસ્ક પર પાછો ગયો અને કામ કરવા લાગ્યો. મનમાં તો થતું હતું કે એ વધારે પૂછે, પણ મારી અંદર ડર નામનો સાપ છુપાઈને બેઠો હતો. એ વારંવાર ડંખ મારીને મને લોહીઝાણ કરી રહ્યો હતો.

સાચું કહું તો આ પીડા પણ મને પ્યારી લાગતી હતી. હું એક તરફી પ્રેમના નશામાં ડૂબી રહ્યો હતો. મને રાતદિવસ બસ એ જ દેખાતી હતી. જેવું ફિલ્મોમાં જોયું હતું, એવું જ કંઈક મારા વાસ્તવિક જીવનમાં થઈ રહ્યું હતું. મારી સીધીસાદી, સૂમસામ સડક જેવી જિંદગીમાં અચાનક મોટો બમ્પ આવ્યો હતો. એ બમ્પના કારણે ગતિ ધીમી પડી. મંદ ગતિએ હું માંડમાંડ ઓફિસનું કામ કરી રહ્યો હતો.

મારા બદલાયેલા વ્યવહારની નોંધ બોસે પણ લીધી. એક દિવસ મને કેબિનમાં બોલાવ્યો અને પોલીસ જેમ


ISSN 0976-9609

અપરાધીની ઊલટતપાસ કરે, એમ મારી તલાશી લીધી. પણ એમને કશુંય મળ્યું નહીં. મળે પણ કઈ રીતે? હજી સુધી મને જ કંઈ મળ્યું નહોતું. આ તો મારી ઘેલછા મને દોડાવી રહી હતી. એ ઘેલછા જ મારા માટે પ્રેમ હતો. રાત આખી પથારીમાં તરફડિયાં મારતો અને દિવસ આખો એના વિચારોમાં ડૂબેલો રહેતો. એને જોવા ચરસના બંધાણી જેવી તરસ લાગતી.

ચાર જોડી કપડાં અને બે જોડી ચપ્પલ સિવાય મારા કબાટમાં બીજું કંઈ મળે નહીં. પણ આ પ્રેમના વળગણમાં હું નવા નવા કપડાં લઈ આવ્યો. દુકાનવાળા સાથે ડીલ કરીને ઉધાર બુટ લઈ આવ્યો. જીવનમાં ક્યારેય છાંટ્યું નહોતું એવું મઘમઘતું અત્તર લઈ આવ્યો. આ પ્રેમ પણ માણસને શું શું કરાવે?

એ દિવસે બપોરના બાર વાગ્યા અને હું બાલ્કનીમાં તૈયાર થઈને ઊભો રહ્યો. એના આવવાની રાહ જોઈ રહ્યો હતો. પણ આજે બારને પાંચ થઈ ગઈ, એ દેખાઈ નહીં. મને મનમાં ફાળ પડી. હાય હાય! શું થઈ ગયું? મારી ઘડિયાળ આગળ ચાલે છે કે પછી એ પાછળ પડી ગઈ? શું થયું હશે? એ કેમ દેખાઈ નહીં? હું આકળવિકળ થઈ રહ્યો હતો. નવું નકોર શર્ટ પહેરીને પરફ્યુમ છાંટીને તૈયાર ઊભો હતો. બાર વાગ્યાને દસ મિનિટ થઈ, પણ એ દેખાઈ નહીં. મને પેટમાં શૂળ ઊપડ્યું. મનમાં થયું, એના ફ્લેટ પર જઈને જોઈ આવું કે બધું બરાબર છે ને? પણ મારી બુદ્ધિએ બ્રેક મારી.

''એ તારી સગી થાય છે? તારી પ્રેમિકા છે? તારી પડોશણ છે? શું છે એ? શું કામ તું ઘેલો થાય છે?'' મને મારી જાત પર શરમ આવી રહી હતી. એ દિવસે પહેલીવાર એ બારના ટકોરે દેખાઈ નહીં. હું નિરાશ થઈને મારી ઓફિસ પર પાછો ગયો. કામ પૂરું કરીને ઘરે આવ્યો. આજે જમવાનું પણ મન નહોતું થતું. બીજા દિવસે સવારે ઉતરેલી કઢી જેવું મોઢું લઈને કામ કરી રહ્યો હતો.

''આ થોબડા પર બાર કેમ વાગ્યા છે?'' અવિનાશે ફરીથી મને એ જ સવાલ પૂછ્યો.

''આ બાર વાગ્યાની જ રામાયણ છે.'' મારી વાણીમાંથી વાસ્તવિકતા સરકી ગઈ.

''એટલે? તું કહેવા શું માંગે છે?''

મેં વાતને બદલવાની કોશિશ કરી, પણ હું કરી ન શક્યો. આજે ઘોર નિરાશાના વાદળ મારા પર વરસી રહ્યા હતા. ભરઉનાળે માવઠું થયું હતું. અંદરના આંસુ મારી આંખ સુધી પહોંચી ગયા હતા. મારી પાંપણોની ભીનાશ અને ચહેરાની ફીકાશ જોઈને અવિનાશ પણ વિહ્વળ થઈ ગયો. એ કામ પડતું મૂકીને મારી પાસે બેઠો.

''તારા મનમાં જે તોફાન ચાલે છે એ મને કહી દે. મનમાં રાખીશ તો મનની મનમાં જ રહી જશે. મારા પર ભરોસો હોય તો આ બંધ ડેમના દરવાજા ખોલી નાખ.''

એ દિવસે મેં ડેમના દરવાજા ખોલી નાખ્યા અને મારી અંદર ધરબાઈ રહેલા ધોધને વહાવી દીધો. મારી વાત સાંભળીને અવિનાશ પેટ પકડીને હસ્યો. મારી સમસ્યા સમસ્યા જ નહોતી. તેમ છતાં હું એમાં ફસાઈ ગયો હતો. મારી રચેલી જાળમાં હું પોતે જ કરોળિયાની જેમ ફસાઈને દુ:ખી થઈ રહ્યો હતો.

''જો સંભાળ, એ બેન પાછળ પડવાનું રહેવા દે. એ બાર વાગે જ્યાં જતી હોય ત્યાં, એ તારો પ્રશ્ન નથી. આ પ્રેમ નથી, વહેમ છે.''

''અવિનાશ, તું મારા ઘા પર મીઠું છાંટી રહ્યો છે.''

''આ ઘા નથી, આઘાત છે. જે તારા દિલ પર નહીં, પણ દિમાગ પર લાગ્યો છે. આ હૃદયની નહીં, પણ મગજની બીમારી છે. સામેવાળાને કંઈ ખબર પણ નથી અને તું પોતાને એનો પ્રેમી પુરવાર કરી દે, એ ગંભીર પ્રકારનું ગાંડપણ છે. હું સમજી શકું છું, તું કુંવારો છે એટલે આવા વહેમ થાય, પણ મારી વાત માન, એનો પીછો કરવાનું છોડી દે. નહીં તો તારા બાર

વાગી જશે.''

''તું ગમે તે બોલ, પણ બાર વાગી જશે એવું ન બોલ. બારના ટકોરે મારો જીવ બંધાયેલો છે.''

આ બોલતાની સાથે જ ઘડિયાળના બે કાંટા ભેગા થયા અને બાર વાગ્યા.

''અવિનાશ, હું જાઉં છું.''

''ક્યાં?''

''આ જો.''

''શું?''

''બાર વાગ્યા.''

હું વાવાઝોડાની ઝડપે ઘર તરફ ભાગ્યો. સેકંડ કાંટો સરકે એટલી વારમાં તો ઘરની બાલ્કનીમાં પહોંચી ગયો. સામેની બિલ્ડિંગ પર નજર સ્થિર કરી. પણ કંઈ દેખાયું નહીં. પાર્કિંગમાં સ્કૂટર પણ ન દેખાયું.

''નક્કી એ આજે નીકળી ગઈ છે. પણ ક્યાં ગઈ હશે? ગઈકાલે તો નહોતી આવી. આજે આવી ગઈ હશે? કદાચ અવિનાશ સાચું જ કહે છે કે મને પ્રેમ નહીં, પણ વહેમ થયો છે.'' નિરાશાના વાદળ ઓઢીને હું ફરી પાછો ઓફિસમાં આવ્યો. ફાઈલોના ઢગલા વચ્ચે પોતાની જાતને છુપાવી દીધી. વ્યક્તિ જ્યારે પોતાનો સામનો ન કરી શકે ત્યારે કામની ઢાલ બનાવીને સંજોગોના પ્રહાર સામે લડવાની તાકાત ઊભી કરે છે. મનમાં નિરાશા અને ચહેરા પર ઉદાસીનતાનો કાળો રંગ લેપાયો હતો. મને કશું જ ગમતું નહોતું. બે દિવસથી એને જોઈ નહોતી. એનાં દર્શન જ મારી સંજીવની હતાં. હું પાણી વગર માછલી તડપે એમ તડપી રહ્યો હતો.

બીજા દિવસે બપોરે બારના ટકોરે બાલ્કનીમાં ઊભો હતો અને જોયું તો તે ગુલાબી રંગના ડ્રેસમાં રુમઝુમ કરતી નીચે આવી. મેં એને ક્યારેય નજીકથી જોઈ જ નહોતી. એના ચહેરાને ધ્યાનથી જોવાની મને ઈચ્છા હતી. એના કાનના ઝૂમખાં અને હાથના બ્રેસલેટની મને ઈર્ષ્યા આવતી. એ કેટલા નસીબદાર છે અને હું સેટેલાઈટની જેમ દૂરથી ફક્ત જોયા જ કરું છું. પણ આ જોવાનું સુખ પણ ઓછું નથી. મારા હૈયાને ટાઢક વળતી હતી. એ હવાની જેમ પસાર થઈ ગઈ અને હું એની લહેરમાં તરબોળ થઈ ગયો. મારા ચહેરાનું ખોવાયેલું હાસ્ય પાછું આવ્યું. હું ખુશખુશાલ ઓફિસમાં ગયો અને કામમાં તલ્લીન થઈ ગયો. મારા ચહેરાના બદલાયેલા ભાવોની નોંધ અવિનાશે લીધી, પણ એ કંઈ બોલ્યો નહીં.

હું ગીત ગણગણતો કામમાં પરોવાયેલો હતો અને એ ધીરેથી મારી પાસે આવ્યો. એના હાથમાં કંકોત્રી હતી.

''આ લે, ઘેલા.'' તેણે કંકોત્રી મારા હાથમાં આપતાં કહ્યું.

''તારા લગ્નની? શું વાત છે? તારી એંગેજમેન્ટ ક્યારે થઈ?''

''બે વર્ષ થયાં.''

''તે ક્યારેય કહ્યું નહીં.''

''અહીં આવ્યો ત્યારનો એંગેજ છું, પણ તને કહેવાનું રહી ગયું.''

''આવું ન ચાલે, દોસ્ત.''

''તું એકલો હોય અને હું મારી વાગ્દત્તાની વાતો તારી સાથે કર્યા કરું તો તને જીવ બળે, એટલે અવોઈડ કરતો હતો. પણ લગ્નમાં જરૂર આવજે. તું નહીં આવે તો હું ફેરા નહીં ફરું.''

''એ તો આવીશ જ ને!''

અવિનાશના લગ્નની કંકોત્રી જોઈને મને સહેજ ઈર્ષ્યા આવી. હું પણ ઈચ્છતો હતો, પેલી બાર વાગ્યાવાળી પરિ સાથે મારું પણ ગોઠવાઈ જાય, પણ એના માટે હિંમત કરવી પડે. છેલ્લા છ મહિનાથી માત્ર જોયા જ કરું છું. એમાં તો ક્યાંથી વાત આગળ વધે!

એકવાર મારામાં હતું એટલું બધું જ સાહસ ભેગું કરીને હું તેના પાર્કિંગમાં ગયો. હૃદય ડોલ્ફિન માછલીની


ISSN 0976-9609

જેમ કુદકા મારી રહ્યું હતું. ઈરાદો ફક્ત સમીપ દર્શનનો હતો. એ નીચે આવી. દૂરથી દેવી અને પાસેથી પરી લાગતી હતી. કોણે કહ્યું, ડુંગરા દૂરથી રળિયામણા? આ તો પાસેથી પણ સોહામણા. એ દિવસે પહેલી અને છેલ્લીવાર મેં એને છુપાઈને નજીકથી જોઈ.

ત્યારબાદ હું દરરોજ બારના ટકોરે એની રાહ જોતો રહ્યો, પણ એ દેખાઈ જ નહીં. ફરીથી ઉદાસીનતાનાં વાદળો ઘેરાયા. હું મનને મનાવતો રહ્યો, સમજાવતો રહ્યો, પથારીમાં પડખાં ફરતો રહ્યો.

અવિનાશના લગ્નમાં જવા હું તૈયાર થયો, પણ મન ઉદાસ હતું. એને પાંચ દિવસથી જોઈ નહોતી. એ ક્યાં ગઈ હશે? એને શું થયું હશે? ઘણીવાર વિચાર આવ્યો કે એના ફ્લેટ પર જઈ આવું. પણ એ વિચારથી જ પગ ધ્રૂજતા હતા.

અવિનાશના લગ્નમાં હું મન મૂકીને નાચ્યો. મને નાચતો જોઈને એ ખૂબ રાજી થયો. બેન્ડ બાજાના તીવ્ર અવાજો તળે મારા મનનો વિલાપ દબાઈ ગયો. પાંચ દિવસ પછી પહેલીવાર મારા ચહેરા પર હાસ્ય દેખાયું. હું અવિનાશની બાજુમાં અણવર બનીને બેઠો. સાંભળ્યું તું કે જે વરની નજીક બેસે, એનું ઘર જલ્દીથી વસે.

પૂજારી મહારાજે બુલંદ અવાજે, ‘‘કન્યા પધરાવો, સાવધાન!’’ નો સાદ પાડ્યો. મનમાં ચટપટી થઈ કે ભાભી કેવા લાગતાં હશે? એ ધીમા પગલે સખીઓ સાથે માંડવામાં આવ્યાં. મેં આંખોના લેન્સ ઝૂમ કર્યા. કન્યાને જોઈને અવિનાશ નહીં, પણ હું સાવધાન થઈ ગયો. મારી આંખોના ડોળા બહાર આવી ગયા. મગજમાં જોરદાર ઝટકો લાગ્યો, જાણે ટાવર ક્લોકમાં બાર ડંકા પડ્યા. મને ધરતીમાં સમાઈ જવાનું મન થયું. હું ઊભો થઈને ચાલવા લાગ્યો, પણ અવિનાશે મારો હાથ પકડીને મને રોકી લીધો.

‘‘અત્યારે ક્યાં બાર વાગ્યા છે? ક્યાં જવું છે તારે?’’

‘‘અવિનાશ, ભાભી દરરોજ બાર વાગે ક્યાં જતાં હતાં?’’ મેં તેના કાનમાં ધીરેથી પૂછ્યું.

‘‘મારી મમ્મીને ટિફિન આપવા. મમ્મીને પેરાલિસિસ છે ને, એટલે રસોઈ નથી બનાવી શકતાં.’’

મારા પ્રશ્નમાં સમાયેલો જવાબ સમજીને અવિનાશના ચહેરા પર બાર વાગ્યા.

---

આસિસ્ટન્ટ પ્રોફેસર
મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ
એડીઆઇટી, આણંદ (મો) ૯૯૦૪૨૩૭૮૪૭

---

## ॥ વિદ્યાવૃત્ત ॥

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઇ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ** (GIA) માં NCC (AIR WING) ના ૨૪ વિદ્યાર્થીઓ અને ANO G.G.VALANI દ્વારા જિતનગર, રાજપીપળા ખાતે યોજાયેલ ૧૦ દિવસીય Combined Annual Training Camp (CATC) માં ભાગ લીધો હતો. આ કેમ્પ વિદ્યાર્થીઓ માટે શિસ્ત, શિક્ષણ અને સર્વાંગી વિકાસનું ઉત્તમ ઉદાહરણ રહ્યો. કેમ્પનું આયોજન CO સાહેબ Wg Cdr Yadav Sirના પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. તેમના માર્ગદર્શન, પ્રેરણાદાયી શબ્દો અને કડક શિસ્તે સૌને ખૂબ પ્રોત્સાહિત કર્યા. કેમ્પનું સમગ્ર વહીવટ અને આયોજન AO સાહેબ Benival Sir તથા JWO S.K. Singh Sirના માર્ગદર્શન હેઠળ ખૂબ જ ઉત્તમ રહ્યું. વહેલી સવારે ૦૪.૩૦ કલાકે Fall-in, બાયોમેટ્રિક હાજરી, Health Run, PT, Drill તથા થિયરી ક્લાસથી લઈને સમગ્ર દૈનિક આયોજન ખૂબ જ સુવ્યવસ્થિત અને પ્રશંસનીય હતું. મારા સહકર્મી ANO, PI Staff, GCI તથા સમગ્ર કેમ્પ સ્ટાફનો સતત સહકાર અને સહયોગ રહ્યો હતો. શૈક્ષણિક અને તાલીમ પ્રવૃત્તિઓ તાલીમમાં Drill, .22" Sporting Rifle દ્વારા Weapon Training અને Firingનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ।। અભ્યાસ લેખ ।।

# 'કાંત'નાં ખંડકાવ્યોમાં કરુણરસનું નિરૂપણ

**રાજેન્દ્ર ઠાકર**

અર્વાચીન યુગમાં આપણે ત્યાં સાક્ષર પેઢીનો સમય આપણા સાહિત્ય માટે ખરેખર સમૃદ્ધિનો કાળ હતો. એ પચીસ વર્ષ ગોવર્ધનરામ, મણિલાલ, નરસિંહ-રાવ, રમણભાઈ નીલકંઠ, આ.બા.ધ્રુવ, કેશવલાલ ધ્રુવ, કાન્ત, કલાપી, નાનાલાલ, બળવંતરાય વગેરે ધુરંધર લેખકો-કવિઓની વાચન-મનન-લેખન પ્રવૃત્તિથી ધમધમતાં રહ્યાં હતાં. માટે લેખકો-કવિઓનું ઘડતર પૂર્વ-પશ્ચિમ સંસ્કાર તેમજ સંઘટનાના એ જમાનામાં થયું હતું.

આ બધામાં ખંડકાવ્યોનો પ્રયોગ વધુ આકર્ષક રહ્યો. તેમાં પહેલે ધડાકે જ કવિ 'કાન્ત' (મણિશંકર ભટ્ટ, ૧૮૬૭-૧૯૨૩) એ એવી સિદ્ધિ હાંસલ કરી બતાવી કે, એ કાવ્યપ્રકારની અજમાયશમાં તેમના જેટલું સામર્થ્ય અદ્યાપિપર્યંત કોઈ કવિ દાખવી શક્યો નથી.

વિપુલ સંખ્યાથી નહિ, પરંતુ થોડું છતાં સત્ત્વશીલ સર્જન કરી, સાહિત્ય જગતમાં ચિરંજીવિતા પ્રાપ્ત કરનાર કવિઓનાં 'કાન્ત' સદા-સ્મરણીય છે.

તેમનાં ખંડકાવ્યોમાં 'વસંતવિજય', 'અતિજ્ઞાન', 'ચક્રવાકમિથુન', 'દેવયાની' વગેરે ખૂબ જ પ્રખ્યાત છે.

**ખંડકાવ્યોનાં લક્ષણો ટૂંકમાં જોઈએ તો -**

૧. ખંડકાવ્યોનું વૃત્તાંત સમગ્રનું નહિ, પરંતુ એકાદ પ્રસંગનું બનેલું હોવું જોઈએ.
૨. ખંડકાવ્ય ભાવોર્મિની બાબતમાં મહાકાવ્યની કોટિએ રહેવું જોઈએ.
૩. છંદ વૈવિધ્ય (વૃત્તિભેદ વૃતભેદ)
૪. પ્રકૃતિવર્ણન માનવજીવનના ભાવોનાં સંદર્ભમાં હોય છે.
૫. એક પ્રસંગ દ્વારા મુખ્યત્વે એક જ રસની નિષ્પત્તિ
૬. રસઘનતા અને ગાંભીર્યમયતા.
૭. બિનપૌરાણિક, ઐતિહાસિક, કાલ્પનિક કે વાસ્તવિક હોઈ શકે.
૮. ક્રમિક રસનિરૂપણ.
૯. સ્પષ્ટ આદિ, મધ્ય અને અંત.
૧૦. લાગણીની પ્રબળતા ઉદાત્તતા.
૧૧.સર્વ અવસ્થાઓ અને બે અર્થ પ્રકૃતિઓનો સ્વતંત્ર રીતે ઉપયોગ કરી શકાય. બધી જ સંધિઓ આવશ્યકતા નથી.

**હવે આપણે કાન્તના ખંડકાવ્યોમાં કરુણ રસની ચર્ચા કરીએ.**

**૧. વસંતવિજય :**

ઊડે દોડે એવી જલચર કરે ગમ્મત ઘણી,
નિહાળી તે, જોયું વળી પાછી જરા પર્વત ભણી:
ગમી ના એ વૃત્ત, હૃદયરસથી સંયમ અડ્યો,
''થઈ ન્હાવાવેળા'' નૃપતિ કહી એવું મહિ પડ્યો. ૨૦

**ખંડકાવ્યનું કથાવસ્તુ :**

આ પ્રસંગ મહાભારતમાંથી લેવામાં આવ્યો છે. પાંડુરાજા શિકારે ગયો હતો ત્યારે મૃગ-મૃગીરૂપે રતિ કરતા કિંદમ્મુનિ અને તેમનાં પત્નીને પાંડુએ બાણથી, વીંધી નાખ્યાં હતાં. મૃત્યુ પામતાં પામતાં, ઋષિએ શ્રાપ આપ્યો હતો કે, 'તારો પણ આવી જ અવસ્થામાં અંત આવશે.' પાંડુરાજા ગિરિપ્રદેશમાં પર્ણકુટી બાંધીને કુન્તી તથા માદ્રી સાથે વાનપ્રસ્થ ધર્મ સ્વીકારી રહેતા હતા. વહેતું પાણી જોઈ નૃપતિને ન્હાવાની ઈચ્છા થાય છે. માદ્રીએ ઝીણાં વલ્કલ પહેરેલાં હતાં. તેનું લાવણ્ય પણ અકબંધ હતું. તેથી પાંડુમાં વિકારી વૃત્તિ ઉત્પન્ન થાય છે. માદ્રી ''નહિ નાથ, નહિ નાથ'' કહી પાંડુને અટકાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ રાજા સાવધાન થતો નથી. વસંતની પ્રકૃતિ પણ ઉદ્દીપક બને છે. અહીં, પાંડુની નિર્બળતા એ જ કરુણ રસનું ઉપાદાન છે. ગ્રીક નાટક જેવું આ કાવ્યનું સંવિધાન છે. પાંડુનું માનસિક સંઘર્ષણ

 ISSN 0976-9609

કરુણરસને વધુ ઘેરું બનાવે છે. પ્રસંગનો અંત તો આપણને સૌને વિદિત છે.

**૨. ચક્રવાકમિથુન :**

''ચાલો એવા સ્થળ મહીં, જ્યંહીં સૂર્ય હોયે સદૈવ..''

**કથાવસ્તુ :**

કાવ્ય સૃષ્ટિમાં ચક્રવાક-ચક્રવાકીની એક આદર્શ પ્રેમી યુગલ તરીકે કલ્પના થઈ છે, તેનો અહીં કાન્તે ઉપયોગ કર્યો છે. આ પ્રેમયુગ્મને દૈવયોગે રાત્રિ વિયોગમાં વિતાવવી પડે છે. સૂર્ય હોય ત્યાં સુધી જ તેમનો સહયોગ રહે. સૂર્યના છેલ્લા કિરણ સાથે તેમનો સહયોગ પણ અંધકારમાં વિલીન થઈ જાય છે. રાત્રિ પડતાં જ કોઈ એક નદી કે વ્હેળાને સામસામે કાંઠે, તેઓ આખી રાત એકબીજા માટે ઝૂરતાં, વિરહનો વિલાય કર્યા કરે છે. એ જીવન કારુણ્યને નિવારવાના ઉપાય તરીકે ચક્રવાકી ઉપરોક્ત કથન કહે છે ''સૂર્ય હોયે સદૈવ'' એ કાવ્યની પરાકાષ્ઠાએ પહોંચીને અસહ્ય બન્યાની ક્ષણો નિરુપાઈ છે.

**દેવયાની :**

''અવસ્થાભેદનું દેવી ! તને ભાવ દિસે નહીંઃ
મુગ્ધ ! શું સમજે છે તું બાલભાવ બધા મહીં?''૧૭
''રે રે ! એને શ્રવણ ન કદી વાક્ય એવું પડેલું,
હૈયું એનું મૃદુલ વિરલું ગર્ભમાંથી ઘડેલું;
આંસુ આવ્યાં નહિ, પણ બની બાલિકા છેક ઝાંખી,
ઊભી યત્ને, વિવશ ચરણે મર્મ નિશ્વાસ નાખી !૧૮

**કથાવસ્તુ :**

પુરાણ પ્રસિદ્ધ યયાતિ ઉપાખ્યાનમાંથી કચ દેવયાનીના સંબંધનું વસ્તુબીજ લઈ આ કાવ્ય રચાયું છે. દેવ અને દાનવો વચ્ચે ચાલતા યુદ્ધમાં સંજીવની વિના યુદ્ધ જીતાશે નહિ તેમ લાગતાં, દેવો ગુરુ બૃહસ્પતિના પુત્ર કચને દાનવોના દેવ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા શીખવા મોકલે છે. ત્યાં કચ અને દેવયાની વચ્ચે સ્નેહસંબંધ બંધાય છે, જે ઉત્તરોત્તર એટલો ગાઢ બનતો જાય છે કે, દેવયાની કચ વિના રહી કતી નથી. કચ દાનવ ન હોવાથી બીજા દાનવોના હાથે અનેકવાર મરવા છતાં, એ સ્નેહ સંબંધને કારણે પામેલ ગુરુકૃપાને પ્રતાપે જીવતો થાય છે. અને ગુરુ શુક્રાચાર્ય પાસેથી સંજીવની વિદ્યા પણ શીખે છે. છેવટે કચ દેવયાની પાસે પરત જવાની અનુજ્ઞા માગે છે ત્યારે દેવયાની પોતાનું પાણિગ્રહણ કરવા કચને વીનવે છે. પરંતુ 'દેવયાની ગુરુપુત્રી એટલે બહેન ગણાય' એવો ઉત્તર આપી કચ ના પાડે છે. ત્યારે કચ ઉપરોક્ત પંક્તિ બોલે છે. પ્રેમાઘાતથી ઉશ્કેરાયેલી દેવયાની કચને તારી વિદ્યા સિદ્ધ નહિ થાય એવો શાપ આપે છે. અહીં કરુણરસની પરાકાષ્ઠા સિદ્ધ થાય છે.

''વિશુદ્ધ સ્નેહનું જોડું વિશ્વ સૌંદર્યમાં વહેઃ
વિલાસી વિધુને તારા નભથી નિરખી રહે ! ૨૯

પ્રારંભમાં વિધુને નીરખવા-નિરખાવવા પ્રવૃત્ત થયેલ પાત્રો, તેમના નૂતન પરિવર્તન પછી હવે વિધુ-તારા નીરખી રહે છે. એ કરુણ-કલામય અંત કવિ 'કાન્ત' અહીં લાવે છે.

**૪. અતિજ્ઞાન :**

મહાભારતના પ્રસિદ્ધ પ્રસંગ અને પાત્રનો આધાર લઈને, કાવ્યમાં વિધિની ક્રૂર રમત આગળ ત્રિકાળ જ્ઞાની સહદેવનું અતિજ્ઞાન પણ નિશ્ચત નિવડે છે, તેનું સમર્થ સૂચન કવિએ નિમ્ન પંક્તિઓમાં કર્યું છેઃ-

''રહી જરા ફરી પાછો છૂટો થાય શરીરથી,
પ્રિયે ! સ્પર્શ કરું શું હું અધિકાર જરા નથી !''

દુર્યોધને યુધિષ્ઠિરને દ્યૂત રમવાનું આમંત્રણ પાઠવ્યું હતું. તેમાં અંતે દ્રૌપદીના માનભંગની ઘોર આપત્તિ ભવિષ્યદર્શી સહદેવ જાણે છે, છતાં તેને તે ઉગારી શકે તેમ નથી. આને લીધે સહદેવના હૃદયમાં જબરો આંતરસંઘર્ષ અને વેદના જન્મે છે, તેનું અહીં કવિએ ચિત્રાત્મક રીતે વર્ણન કર્યું છે. અંતમાં સહદેવ ''પ્યાલી ભરી હેતથી ઓષ્ઠ પીસી'' (અતિજ્ઞાન-૧૮) ત્વરાથી ખાલી કરે છે. ત્યાં કાવ્યનો કરુણ અંત આવે છે.

**'કાન્ત'નો કરુણરસ :** 'વસંતવિજય'માં પાંડુના મરણથી કલ્પાંત કરતી માદ્રી 'કાન્ત' નથી ચીતરી, પરંતુ અંધ ચેતનહીન અર્થહીન વસંતબલ સામે થતો, તરફડિયાં મારતો અને અંતે માડનવ મર્યાદાને વશ થઈને મૃત્યુ પામતો પાંડુ અહીં ચિતરાયો છે.

'ચક્રવાકમિથુન'માં રાત્રિવિરહથી દીન કલ્પાંત ન કરતાં, ચક્રવાયુગલ અન્યાયની સામે સર્વાત્મથી લડે છે, અને એમાં પોતાના ઐહિક જીવનનો ભોગ આપે છે.

પ્રારંભમાં વિધુને નીરખવા-નિરખાવવા પ્રવૃત્ત થયેલા પાત્રો કાવ્યને અંતે વિધુ-તારા નીરખી રહે છે. એ કવિની કલામય કલ્પના કાવ્યને વધુ કરુણ બનાવે છે.

સહદેવ એ જ રીતે પોતાની વિષમ મર્યાદા સામે લડતો અને વ્યર્થ પ્રયત્ન કરતો કરુણ અવસ્થામાં ''પ્યાલી ખાલી કરી'' ડૂબે છે.

**સમાપન :** 'પૂર્વાલાપ'માં ગ્રંથસ્થ પ્રણય મૈત્રી અને પત્ની વિષયક સૌંદર્યસભર આત્મલક્ષી કાવ્યો અને સોનેટ આપનાર કવિ 'કાન્ત'નું કવિતા જગતને ઉત્તમોત્તમ અર્પણ તો એમનાં, માત્ર તેવીસ વર્ષની વય સુધીમાં લખાયેલાં પરલક્ષી ખંડકાવ્યો છે. એમનાં ખંડકાવ્યોમાં વ્યક્ત થતું જીવનદર્શન એમની કવિતા સાથે ઓતપ્રોત થઈ કરુણાનું જે ઉચ્ચ કલાસર્જન કરે છે, તે વિરલ છે.

**સંદર્ભ ગ્રંથો :**


૧. 'આપણાં ખંડકાવ્યો'
સં ડૉ. ધીરુભાઈ ઠાકર, ડૉ. ચિમનલાલ ત્રિવેદી, પ્રો.ચંદ્રશંકર ભટ્ટ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તા, અમદાવાદ, પુન-ર્મુદ્રણ બીજું, ૧૯૭૧

૨. મણિશંકર ભટ્ટ 'કાન્ત'
સં.અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ પ્ર.ભોગીલાલ પી. શાહ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૧

૩. ખંડકાવ્યઃ સ્વરૂપ અને વિકાસ, ચિનુ મોદી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૧


---


બી-૩/૧૯, સમર્પણ સોસાયટી,
પાલિકા નગર પાસે,
વલ્લભ વિદ્યાનગર-આણંદ-૩૮૮ ૧૨૦,
(મો) ૯૭૨૬૨ ૩૫૮૨૦


---

## ॥ વિદ્યાવૃત્ત ॥

**આઈ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ (GIA)** ના NCC (AIR WING) ની વિદ્યાર્થિનીએ 22 Rifle shootingમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવ્યુ.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઇ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (GIA)માં NCC (AIR WING)ના ૨૪ વિદ્યાર્થીઓ અને ANO G.G. VALANI દ્વારા જિતનગર, રાજપીપળા ખાતે યોજાયેલ ૧૦ દિવસીય Combined Annual Training Camp (CATC) માં ભાગ લીધો હતો.

આ કેમ્પમાં વિવિધ ૧૪ સ્કૂલનાં ૪૮૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે અંતર્ગત વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. જેમાંની એક 22 INCH 14 RIFLE SHOOTING હતી. ૧૪ વિવિધ સ્કૂલમાંથી ૪૮૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જે અંતર્ગત બીજા રાઉન્ડમાં બે બે વિદ્યાર્થીઓનું સિલેક્શન કરવામાં આવ્યુ અને એ ૨૮ વિદ્યાર્થીઓમાંથી અમારી સ્કૂલની નિષ્ઠા સુનીલકુમાર નાઈ એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવ્યુ હતુ. શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટે વિદ્યાર્થિનીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યા બદલ અભિનંદન પાઠવ્યા હતા.


ISSN 0976-9609

|| નારી વિશેષ ||

## મેનોપોઝ - રજોનિવૃત્તિ

**જસ્મિન ગુજરાથી, શચી પંડ્યા**

સ્ત્રીના જીવનની વિવિધ અવસ્થાઓમાં મુગ્ધાવસ્થા, યુવાવસ્થા (કે જેમાં સગર્ભાવસ્થા-સુતીકાવસ્થા આવી જાય) જેવી જ અગત્યની અવસ્થા રજોનિવૃત્તિની છે.

સામાન્ય રીતે આપણે બાલ્ય, યુવા અને વૃદ્ધાવસ્થા એમ ત્રણ ભાગમાં જીવનને વહેચ્યું છે.

રજોનિવૃત્તિ એવી અવસ્થા છે જેમાં સ્ત્રીની પ્રજનન ક્ષમતા સમાપ્ત થતા એ વૃદ્ધાવસ્થા તરફ પગરણ માંડે છે. આ અવસ્થામાં સ્ત્રીના શરીરમાં ઘણા હોર્મોન્સનાં ફેરફાર થાય છે. તો સ્વાભાવિક છે કે આ અવસ્થામાં તેને શારીરિક તેમજ માનસિક તકલીફો થવાની જ. વળી, વૃદ્ધાવસ્થા તો કોને ગમવાની ? માસિક સ્ત્રાવ બંધ થવાની સાથે પોતે યુવાવસ્થાનો સમય વિતાવી દીધાનો અહેસાસ પણ ઘણી સ્ત્રીઓમાં માનસિક વિક્ષોભ ઉભો કરી દેતો હોય છે. પણ વૃદ્ધાવસ્થા તો સહજ પ્રક્રિયા છે. આદિ શંકરાચાર્ય એ પણ કહ્યું છે.

आयुर्नश्यति पश्यतां प्रतिदिनं याति क्षयं यौवनं प्रत्यायान्ति गताः पुनर्न दिवसाः कालो जगद्भक्षकः।

આચાર્ય સુશ્રુતે વૃદ્ધાવસ્થા ને સહજ વ્યાધિ કહ્યો છે. જે રીતે ક્ષુધા, તૃષ્ણા સહજ છે એ જ રીતે આ અવસ્થા પણ સ્વાભાવિક છે.

સ્ત્રીને રજોનિવૃત્તિ અથવા મેનોપોઝ ત્યારે કહી શકાય જ્યારે તે ઓમાં ઓછા એક વર્ષ સુધી માસિકમાં ન બેસે. સામાન્ય રીતે ૫૦ વર્ષની આજુબાજુ નો આ સમયગાળો હોય છે. પરંતુ માસિક બંધ થવાની ૫ વર્ષ પહેલાથી તેના શરીરમાં હોર્મોન્સની ખામી સર્જાતી હોય છે. તેમજ માસિક બંધ થયાના ૫ વર્ષ પછી સુધી સ્ત્રીઓને શારીરિક-માનસિક તકલીફોનો સામનો કરવો પડતો હોય છે.

### રજોનિવૃત્તિ દરમિયાન થતા શારીરિક ફેરફારો :

- આ સમય દરમ્યાન ઈસ્ટ્રોજન હોર્મોન્સની ઉણપ ઉત્પન્ન થાય છે. આ એ જ હોર્મોન છે જે ત્વચાની સુંવાળપ માટે જવાબદાર છે સાથે ખરાબ કોલેસ્ટ્રોલને યોગ્ય પ્રમાણમાં રાખવું, કેલ્શિયમનું પ્રમાણ જાળવવું, યોનિપ્રદેશમાં યોગ્ય ભીનાશ જાળવી રાખવી વગેરે કાર્ય કરે છે. માટે જ આ હોર્મોનની ઉણપથી માસિક ચક્ર સિવાય બીજા સર્વાદૈહિક લક્ષણો જોવા મળે છે.
- ઈસ્ટ્રોજનની ઉણપની સીધી અસર ત્વચાના બંધારણ પર જોવા મળે છે. ત્વચાનું મુલાયમપણું ઓછું થતા જઈ ત્વચા કરચલીવાળી બને છે.
- ઈસ્ટ્રોજન કોલેસ્ટ્રોલ ચયાપચયમાં ભાગ ભજવતું હોઈ આ સમય દરમિયાન LDL-ખરાબ કોલેસ્ટ્રોલમાં વિશેષ વધારો જોવા મળે છે. જો વારસાગત તત્ત્વો પણ મળી જાય તો આ સમય દરમિયાન હૃદયરોગનું જોખમ વધી જાય છે.
- ઈસ્ટ્રોજનની ઉણપનાં પરિણામ રૂપે હાડકામાં કેલ્શિયમનું પ્રમાણ ઘટતું જોવા મળે છે જેથી સંધિવાતની ગોઠણ/કમરનો દુખાવો વગેરે તકલીફમાં સમયમાં ઉભી થાય છે.
- વધુમાં, આ સમયે યોનિપ્રદેશની ભીનાશ ધીમે ધીમે ઓછી થતી જાય છે. તે પ્રદેશની PH એસીડીકમાંથી અલ્કાલાઈન થતા પેશાબમાં વારંવાર ચેપની સમસ્યા ઊભી થાય છે.
- મેનોપોઝ પછી ઘણી બહેનોમાં પેશાબ રોકી ન શકવાની ફરિયાદ જોવા મળે છે. બે કરતા વધુ પ્રસવ ભોગવી ચુકેલી બહેનોમાં શરીર/ગર્ભાશય કે દિવાલ ખસવાની તકલીફ જોવા મળે છે.
- **માનસિક લક્ષણો :** મેનોપોઝ દરમિયાન સ્ત્રી પ્રજનન કાલના બે મુખ્ય હોર્મોન્સ ઈસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન ઘટતા યુવાવસ્થા દરમિયાન સ્વાભાવિક મેળવેલ આત્મવિશ્વાસ, ઉત્તમ

મનોબળ કંઈક અંશે વિક્ષુબ્ધ થાય છે. અમુક કાર્ય સરળતાથી કરી શકવાની ક્ષમતા ધરાવતી સ્ત્રી એ જ કાર્ય કરતા મૂંઝાય છે. ખૂબ શાંત પ્રકૃતિ ધરાવનાર સ્ત્રી પણ નાની નાની વાતોમાં ગુસ્સો આવવો, મૂડ સ્વીંગ વગેરે અનુભવે છે.

**રજોનિવૃત્તિ પહેલાંનો કાળ** (Menopausal Transition) **- આયુર્વેદીય દ્દષ્ટિકોણ**

રજોનિવૃત્તિ પહેલાંનો કાળ (Menopausal Transition/Perimenopause) સામાન્ય રીતે કેટલાક મહિનાથી થોડાં વર્ષો સુધી ચાલે છે. આ સમયગાળામાં પિત્ત અને વાત બંને દોષોની પ્રધાનતા ધ્યાનમાં લેવી જરૂરી છે. જ્યારે રજોનિવૃત્તિ સ્થિર થાય છે, ત્યારે વાતદોષનું પ્રાધાન્ય વધુ સ્પષ્ટ બને છે.

આ કાળ દરમિયાન પિત્ત-વાતનાં અસંતુલનને કારણે નીચેના લક્ષણો જોવા મળે શકે છે.

- ગરમીની અચાનક અનુભૂતિ
- રાત્રે વધુ પરસેવો થવો
- મૂડમાં વારંવાર ફેરફાર
- ચીડિયાપણું અને અશાંતિ
- આંતરિત અંગોમાં બળતરા તથા પેશાબ કરતી વખતે તકલીફ/બળતરા

આ સાથે રજોગુણની પ્રબળતા માનસિક અને ભાવનાત્મક લક્ષણોમાં વધારો કરી શકે છે, જેમ કે ચિંતા, ચીડિયાપણું, અસ્થિરતા, ઉદ્વેગ અને મૂડમાં ફેરફાર.

**આયુર્વેદીય ચિકિત્સકીય દ્રષ્ટિકોણ** : રજોનિવૃત્તિ પૂર્વનાં કાળમાં સારવાર કરતી વખતે પિત્ત અને વાત બંનેનું સંતુલન ધ્યાનમાં લેવું જોઈએ. પિત્તને શાંત કરનારી તથા મનને શીતળતા આપનારી જીવનશૈલી અને ઉપાયો લાભદાયક બની શકે છે.

**પ્રાણાયામ :** પ્રાણાયામ એ શ્વાસોચ્છવાસની ક્રિયા પર નિયંત્રણ દ્વારા શરીર અને મનની સ્વસ્થતા કેળવવામાં મદદરૂપ બનતો યોગિક અભ્યાસ છે.

- શીતલી અને શીતકારી પ્રાણાયામ-શરીરમાં શીતળતા લાવવામાં અને પિત્તશમનમાં સહાયક.
- કપાલભાતિ અને ભસ્ત્રિકા જેવા ઉષ્માવર્ધક પ્રાણાયામનો અતિરેક ટાળવો, ખાસ કરીને પિત્તપ્રધાન લક્ષણો અને hot flushes (અચાનક ગરમીની અનુભૂતિ) દરમિયાન, કારણ કે તે ઉષ્મા વધારી શકે છે.

**પરિવાર અને કાર્યસ્થળનો સહયોગ-રજોનિવૃત્તિનાં પરિવર્તન કાળમાં મહત્વપૂર્ણ આધાર :**

રજોનિવૃત્તિનો પરિવર્તન કાળ માત્ર શારીરિક અને હોર્મોનલ ફેરફારોનો સમય નથી, પરંતુ સ્ત્રીના માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યને પણ અસર કરતો મહત્ત્વપૂર્ણ જીવનકાળ છે. આ સમય દરમિયાન ઊંઘમાં ખલેલ, hot flushes (અચાનક ગરમીની અનુભૂતિ), night sweats (રાત્રી સમયે પ્રસ્વેદ), mood swings (મિજાજમાં અચાનક પલટો) અને ચીડિયાપણું જેવી તકલીફો તેના દૈનિક જીવન અને સંબંધોને અસર કરી શકે છે.

- ઊંઘમાં ખલેલ થવાથી દિવસ દરમિયાન થાક, એકાગ્રતામાં ઘટાડો અને ચીડિયાપણું વધી શકે છે.
- હોર્મોનલ તથા માનસિક ફેરફારોને કારણે તે નાની બાબતોમાં પણ વધુ ભાવનાત્મક પ્રતિક્રિયા આપી શકે છે.
- આવા સમયે તેના વર્તનને માત્ર ''ચીડિયાપણું'' અથવા ''સ્વભાવમાં ફેરફાર'' તરીકે જોવાને બદલે રજો નિવૃત્તિ કાલીન લક્ષણોના એક ભાગ તરીકે સમજવું જરૂરી છે.
- પરિવારના સભ્યોનો સહાનુભૂતિપૂર્ણ અને સમજદારીભર્યો અભિગમ તેની માનસિક અસ્વસ્થતા ઘણી હદ સુધી ઘટાડવામાં મદદરૂપ થઈ કકે છે.
- પતિ, સંતાનો અને અન્ય પરિવારજનો દ્વારા ભાવનાત્મક સહયોગ, ધીરજપૂર્વક સાંભળવું અને



ISSN 0976-9609

ઘરકામમાં સહાય કરવી તેના તણાવને ઘટાડે છે.

- ઊંઘમાં ખલેલ હોય ત્યારે પરિવાર દ્વારા તેનાં આરામ અને ઊંઘ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવું પણ મહત્વપૂર્ણ છે.
- કાર્યસ્થળે પણ સહાયક વાતાવરણ ખૂબ જરૂરી છે. સહકર્મીઓ અને વરિષ્ઠો દ્વારા સમજદારી, યોગ્ય વિરામની તક અને અનાવશ્યક માનસિક દબાણમાં ઘટાડો કરવામાં આવે તો સ્ત્રી વધુ સારી રીતે આ તબક્કાનો સામનો કરી શકે છે.
- મેનોપોઝને માત્ર "સ્ત્રીની વ્યક્તિગત સમસ્યા" ન ગણતા તેને પરિવાર અને કાર્યસ્થળ બંનેની સહભાગિતાથી સંભાળવાની જીવનની સ્વાભાવિક અવસ્થા તરીકે જોવી જોઈએ.

**રજોનિવૃત્તિ સ્થાપિત થયા પછી :**

રજોનિવૃત્તિ સ્થિર થયા પછી વાતદોષની પ્રધાનતા અને ધાતુક્ષય વધુ મહત્વપૂર્ણ બને છે. આ તબક્કામાં રસાયન ચિકિત્સા દ્વારા ધાતુઓના પોષણ, તેમની કાર્યક્ષમતા જાળવવા અને વાતનું સંતુલન જાળવવા પર ભાર મૂકી શકાય.

સ્ત્રીના સ્વભાવ અને પોષણની જરૂરિયાતોને અનુરૂપ શતાવરી યષ્ટિમધુ વગેરે રસાયન દ્રવ્યો યોગ્ય વ્યક્તિમાં, યોગ્ય માત્રા અને યોગ્ય અનુપાન સાથે ઉપયોગી બની શકે છે.

પેશાબને લગતી સમસ્યાઓમાં જો ગર્ભાશયને સપોર્ટ આપનાર, દીવાલો ઢીલી પડેલ જણાય તો આ સંજોગોમાં નીચે તરફ વધુ દબાણ આવે એવી કોઈ ક્રિયાઓ શક્ય ત્યાં સુધીના કરવા સલાહભર્યું છે. જેમકે ઉભડક બેસવું, લાંબો સમય ઉધરસ રહેવી, કબજીયાત રહેવી, વજન ઉપાડવું આ બધા કાર્યો ના કરવા યોગ્ય છે. ગર્ભાશયને સપોર્ટ આપનાર સ્નાયુઓ ને મજબૂત રાખવા ડોક્ટરની દેખરેખ હેઠળ અમુક કસરતો કરવી જોઈએ.

**રજોનિવૃત્તિ પછી હૃદયરોગથી બચાવ-જીવનશૈલીનું મહત્વ :**

- રજોનિવૃત્તિ પછી ઘટાડાને કારણે હૃદય અને રક્તવાહિની સંબંધિત રોગો (Cardiovascular Diseases-CVD) નું જોખમ વધી શકે છે. તેથી આ તબક્કામાં સ્વસ્થ જીવનશૈલી અપનાવવી અત્યંત જરૂરી છે.
- દરરોજ નિયમિત ચાલવું (Walking) અને શક્ય હોય ત્યાં દાદર ચઢવા જેવી શારીરિક પ્રવૃતિઓ કરવી.
- અઠવાડિયામાં નિયમિત એરોબિક (હૃદય અને ફેફસાંની કાર્યક્ષમતા વધારનાર કસરતો) તથા Strength/resistance exericises (સ્નાયુઓ અને હાડકાંને મજબૂત બનાવવાની કસરતો) નો સમાવેશ કરવો.
- હૃદય માટે અનુકૂળ સંચુલિત આહાર લેવો અને Saturated તથા Transfatsનું પ્રમાણ ઘટાડવું.
- વજન, બ્લડ પ્રેશર, Blood Glucose અને Lipid profile નિયમિત ધ્યાન રાખવું.
- તળેલા ખોરાક, ઘી-માખણની વધુ માત્રા, વાનસ્પતિ/હાઈડ્રોજનેટેડ ફેટ, Bakery Products, Processed Foods, Fried Snacks (તળેલા નાસ્તા) અને વધુ ચરબીવાળું Red/Processed Meat મર્યાદિત કરવું.
- તેના બદલે શાકભાજી, ફળો, આખા અનાજ, કઠોળ, (બદામ, અખરોટ વગેરે) અને Seeds (Falxseeds-અળસી, Sesame-તલ, Pumpking-કોળાના બીજ, Sunflower સૂર્યમુખીનાં બીજ (Chia-ચિયા સીડ વગેરે) જેવા પૌષ્ટિક ખોરાકને પ્રાધાન્ય આપવું.

**વિવિધ Seeds-બીજનું મહત્વ :**

- FalsxSeeds-અળસી-અળસીમાં લિગ્નાન્સ (Lignans) નામનું તત્વ હોય છે, જે કુદરતી ફાયટીએસ્ટ્રોજન (Phytoestrogan) તરીકે કામ

કરે છે. તે શરીરમાં ઈસ્ટ્રોજન હોર્મોનનું સંતુલન જાળવી રાખે છે. અને hot flushes તેમજ રાત્રે પરસેવો થવાની સમસ્યા ઘટાડે છે.

- Sesame-તલ એ કેલ્શિયમ, મેગ્નેશિયમ અને ઝીંકનો અદ્‌ભુત સ્રોત છે, જે હાડકાંને મજબૂત રાખવામાં મદદ કરે છે.
- Pumpking-કોળાના બીજ-આ બીજમાં મેગ્નેશિયમ ખૂબ સારી માત્રામાં હોય છે, જે મેનોપોઝ દરમિયાન થતી ચિંતા, તણાવ અને ઊંઘ ન આવવાની સમસ્યાને દૂર કરે છે. તેમાં રહેલું ઝીંક રોગપ્રતિકારક શક્તિ વધારે છે.
- સૂર્યમુખીના બીજ વિટામીન-ઈ અને એન્ટી ઓક્સિડન્ટથી ભરપૂર હોય છે. તે ત્વચાના ડ્રાયનેસ (સૂકાઈ જવી) ને દૂર કરે છે અને હોર્મોનલ હેલ્થને સપોર્ટ કરે છે.
- મેનોપોઝમાં વજન ઝડપથી વધવા લાગે છે. ચિયા સીડ્‌સમાં રહેલું હાઈ ફાઈબર પેટને લાંબો સમય ભરેલું રાખે છે અને વજન નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

**સૌંન્દર્ય અને ઉંમર :**

સ્ત્રી માટે આકર્ષક કે સુંદર દેખાવું એ યુગોથી ચાલી આવતી એક અભિલાષા છે. ૧૨-૧૩ વર્ષની મુગ્ધાની માંડી આગળ સુંદર યૌવના બને આ યાત્રામાં ઈસ્ટ્રોજન હોર્મોનનો ઘણો મોટો ફાળો છે. ઈસ્ટ્રોજન હોર્મોન ત્વચાની સુંવાળપ, ચમક અને દ્રઢ ચામડી આપે છે. મેનોપોઝ બાદ આ હોર્માન ઘટતો જતા તેની સીધી અસર ચામડીનાં બંધારણ પર દેખાય છે. ત્વચા ખરબચડી, ઢીલી અને કૈક અંશે ચમક ગુમાવે છે. આવું જ અવાજની બાબતમાં દેખમાય છે. મેનોપોઝ પછી મીઠો મધુર સ્વર કંઈક અંશે પોતાની ગુણવતા ગુમાવી દે છે.

આવા સમયે પ્લાન્ટ બેઈઝ ફાઈટો ઈસ્ટ્રોજન આપવાથી તેમજ રક્ત શોધન ઔષધી આપવાથી સારું પરિણામ મળે છે.

**રજોનિવૃત્તિ-સ્ત્રીના જીવનનો એક મહત્વપૂર્ણ પડાવ :**

- રજોનિવૃત્તિ અને રજોનિવૃત્તિ પછીનો સમયગાળો પણ સ્ત્રીના જીવનનો એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન છે. જેમ ગર્ભાવસ્થા અને પ્રસુતિ જેવા જીવનના મહત્વપૂર્ણ પડાવોને વિશેષ મહત્વ અને ઉજવણી મળે છે, તેમ રજોનિવૃત્તિને પણ સ્ત્રીના જીવનની સ્વાભાવિક અને મહત્વપૂર્ણ અવસ્થા તરીકે સ્વીકારવી જોઈએ. દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૮ ઓક્ટોબર એ વૈશ્વિક ફલક પર વર્લ્ડ મેનોપોઝ ડેની ઉજવણી થશે. જેની આ વર્ષની થીમ છે. અર્થાત જીવનનાં મધ્યકાળે જોવા મળતો ક્રોદનિક પેલ્ઈન એટલે કે લાંબાગાળાનો દુ:ખાવો. મેનોપોઝના તબક્કામાં સાંધાનો સ્નાયુઓનો તેમજ માથાનો દુ:ખાવો નોંધપાત્ર રીતે વધી જાય છે. જેને કેન્દ્રમાં રાખી આ વર્ષે મેનોપોઝ દિવસની ઉજવણી થશે.
- રજોનિવૃત્તિ પછી સ્ત્રી જીવનના એવા તબક્કામાં પ્રવેશ કરે છે. જ્યાં શરીરમાં થતા હોર્મોનલ અને શારીરિક ફેરફારોને કારણે તેને શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક અને ભાવનાત્મક સહયોગની પણ વધુ જરૂરિયાત રહે છે.
- આથી આ અવસ્થાને માત્ર માસિક બંધ થવાની ઘટના તરીકે ન જોતાં, સ્ત્રીના સ્વસ્થ વૃદ્ધત્વ આત્મસન્માન, માનસિક સુખાકારી અને જીવનની ગુણવત્તા જાળવવાના મહત્વપૂર્ણ તબક્કા તરીકે જોવો જોઈએ.

---

પ્રોફેસર HOD એમ.એસ.(આયુ.)
પ્રસૂતિ અને સ્ત્રીરોગ વિભાગ, જી.જે.પટેલ આયુર્વેદ કોલેજ, એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ એન્ડ મેટરનિટી હોમ, ન્યુ વલ્લભ વિદ્યાનગર, આણંદ, E-mail:jassyleo@gmail.com
પ્રોફેસર HOD એમ.એસ.(આયુ.)
પ્રસૂતિ અને સ્ત્રીરોગ વિભાગ, શેઠ જી.પ્ર.સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, ભાવનગર
E-mail:vd.shachipandya@gmail.com


ISSN 0976-9609

## ।। ગ્રામ વિશેષ ।।

## સરદાર વલ્લભભાઈ પટેલની દષ્ટિએ આદર્શ ગામ

**પૂજા ધીરુભાઈ ઘાડિયા**

સરદાર વલ્લભભાઇ પટેલ ૧૯૧૮ ખેડા સત્યાગ્રહ, ૧૯૨૩ નાગપુર ઝંડા સત્યાગ્રહ, ૧૯૨૪ બોરસદ સત્યાગ્રહ, ૧૯૨૮ બારડોલી સત્યાગ્રહ વગેરેમાં ગામડાંઓમાં ફરીને લોકોની પરિસ્થિતિ, ગામડાંની હાલત, ખેડૂતોની સ્થિતિ, સ્ત્રીઓની મુશ્કેલીઓ વગેરેને નજીકથી જોઈ હતી. તેથી તેમને લાગતું હતું કે, ''આજે જે લાખો ગામડાંમાં હિન્દુસ્તાન વસે છે તે જે થોડા શહેરો છે તેનાથી અલગ પડી ગયું છે. ગામડાનું વિત્ત ચાલી ગયું છે. જળોની પેઠે શહેરો એને ચૂસી રહ્યા છે. ગાડાં ભાંગી ભાંગી મોટરો થઈ છે. ગામડામાં કોળિયામાં બાળવા તેલ નથી અને શહેરમાં રાતના એક વાગ્યા સુધી વીજળીની બત્તી બળે છે. રેંટિયા બંધ થયા અને કારખાના ચાલુ થયા છે. આપણે ચાર વસ્તુની જરૂર છે હવા, પાણી, રોટલો અને કપડું. બે વસ્તુ ભગવાને મફત આપી છે. અને રોટલો ઘરમાં ઘડાય છે, તેમ કપડું આપણા ઘરમાં બનવું જોઈએ. આપણા ગામની અંદર ઉદ્યમો ભાંગી ગયા છે તે પાછા સજીવન કરવા જોઈએ. આપણું શરીર, કપડું સાફ રાખીએ તેમ આપણું ગામ સાફ રાખવું એ આપણું કામ છે. ઘર સાફ રાખવું, ગામ સાફ રાખવું જોઈએ. ગંદવાળમાં ઈશ્વર આવતો નથી.[1] દારૂ પીનાર ન હોય તો ગામમાં પીઠું આવવાનું નથી. ચોરી કરનાર ન હોય તો પોલીસ કે જમાદારની જરૂર નથી. ઝઘડા ન હોય તો કોર્ટ કે કચેરી જવાની જરૂર નથી. તેમ તમે તમારું કપડું બનાવી લો તો સ્વરાજ્ય તો તમારે ત્યાં આવીને જ પડેલું છે.''[2]

સ્વરાજનું ગામ કેવું હોય ? ગામની ભાગોળ પરથી જ તેની ખબર પડી જાય. આદર્શ ગામમાં ખેડૂત ખાડા કરીને પશુઓના મળમૂત્રને ખાતર તરીકે સંગ્રહ કરે. ખાડા પર પાટિયા મારીને પાયખાનું ગોઠવે અને સોનાનું ખાતર મેળવે. આ જાણનાર ખેડૂતના ગામમાં સ્વચ્છતા હોય, માંખીનું નામ પણ ન હોય. ઈશ્વરે આટલી છૂટી જમીન આપી છે ત્યાં ખેડૂતે સ્વર્ગ સમાન ગામ બનાવવું જોઈએ. તેવું સૂચન વલ્લભભાઈ પટેલે ૧૮-૧૨-૧૯૨૮ ના રોજ પલસાણા તાલુકાના એના ગામમાં આપેલા ભાષણમાં કર્યું હતું. ગામમાં ખેડૂતના આંગણામાં પાણીનો છંટકાર કરેલો હોય અને તેમની સ્ત્રીઓએ ત્યાં ગુલાબના છોડ વાવ્યા હોય. એ ખેડૂતોના બાળકોના આંખ, નાક, મોં પર મેલ ન હોય. તેમના કપડાં ગંદા ન હોય. તેમના ગાલની આરપાર એવું લોહી ચમકતું હોય કે જાણે ગુલાબનું ફૂલ. પણ ખેડૂતની સ્ત્રીએ માત્ર છાણ ચૂંથીને, બાળકને અફીણની ગોળી ગળાવીને ટપલી મારીને વેતરાં કર્યા છે. આદર્શ ગામમાં ખેડૂતો પોતાની સ્ત્રીનું માન રાખતા હોય, તેમના પ્રત્યે પ્રેમ રાખતા હોય, તે સંસારની ભાગીદાર ગણાતી હોય. સ્વરાજના ગામમાં માણસ અને ઢોરને રહેવાનું અલગ હોય. તેના મકાનો માંકડ, ચાંચળથી ભરેલા ન હોય. તેના મજૂરો મેલા ઘેલા ન હોય, દારૂ પીતા ન હોય. આદર્શ ગામના કુવા પાસે કાદવ ના હોય, માંખીઓ ન હોય. રાત્રે અંધારામાં ખેડૂતની સ્ત્રીઓને અફડાવવાનું ન હોય. ગામમાં સંપ કરીને બત્તીઓ રાખી હોય. ગામના સુખી લોકો તેલ આપતા હોય અને યુવાનો કે સ્ત્રીઓ ફાનસ સાફ કરીને નિયમિત સળગાવતા હોય. ગામમાં જરા પણ કુસંપ ન હોય. બધા લોકો પોતપોતાની ફરજો સમજીને તે મુજબ વર્તતા હોય ગામ એના જેવું હોવું જોઈએ.[3]

ગામના બાળકોનું શિક્ષણ ગામ અને શાળા એકબીજાને પૂરક બને તેવું હોવં જોઈએ. શારીરિક અને માનસિક કેળવણી સાથે અપાય એવું હોવું જોઈએ. ગામડા આજે જે પ્રકારના છે એ પ્રકારના રહે તો ન બાળકોને શિક્ષણ આપી શકાય ન ગામના લોકોને આપી શકાય. આપણે ગામના બાળકોને નાનપણથી આંખ, કાન, નાક, આંગણું, વાસણ, શેરી સાફ રાખવાનું શીખવવું જોઈએ. ગામના લોકોને સ્વચ્છતાની કિંમત નથી. ગંદકીથી કેટલું નુકસાન થાય છે એની એમને ખબર નથી. ગામના રહેનાર કોઈને

ઉચ્ચ કે નિમ્ન ન માનવા જોઈએ. ગામમાં વસનાર બધા જ ઈશ્વરના સંતાનો છે.[૪]

૧૯૪૭ ના રોજ આણંદ ચારુતર ગ્રામોદ્ધાર મંડળ તરફથી સ્થપાયેલા વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલય ઉદ્ઘાટન વિધિ વખતે સરદાર પટેલે પોતાના ભાષણમાં કહેલું કે, ખેડૂતો આજે ગામડાંમાં મકાનો બાંધે છે. એમાં એકનો ખૂણો આમ હોય, બીજાનો ખૂણો આમ હોય. રસ્તાઓની પણ કશી સરખી રચના નથી હોતી. આપણે આપણી રહેવાની જગ્યા સ્વચ્છ રાખવી જોઈએ. સ્વચ્છ હવા બગાડવી ન જોઈએ. ગામડામાં ધૂળ ન હોય, ધુમાડો ન હોય, ગંદકી ન હોય તેનું ધ્યાન રાખવું જોઈએ. ગામડામાં ગમે ત્યાં શૌચ માટે બેસવું ન જોઈએ. પાયખાના અને દીવાનખાનામાં ફરન ન રહે તેવું સ્વચ્છ પાયખાનું હોવું જોઈએ.[૫]

ગામમાં બાળા જતી હોય તો કોઈ કુનજર ન કરે. કોઈ અપશબ્દ ન બોલે. કોઈ એકબીજાની નિંદા ઈર્ષા ન કરે. ખેડૂતનું પકવેલું અનાજ આજે પૂરું પડતું નથી. ખેતીવાડી ભાગી ગઈ છે. બધે જ ખેડૂતો પાસથી અનાજ લોઈ લેવામાં આવે છે. ગામમાં કોઈ પણ માણસ ભૂખ્યો ન રહે, ભૂખ્યો હોય તો આપણા રોટલા પર કાપ મકી પણ કોઈ ભૂખ્યો ન રહે એવું ગામડું હોવું જોઈએ. ખેડૂતો કોર્ટ કચેરીએ જાય[૫], સ્ટેમ્પ ફી ભરે તેના બદલે પંચ દ્વારા ઝઘડાઓ પતે તો નાના મોટા ગરીબ સૌને ન્યાય મળી શકે.૬

ઈ.સ. ૧૯૪૨ ના એપ્રિલ મહિનામાં સરદાર પટેલે ભાઈકાકાને ગામડાઓ માટ કંઈ યોજના તૈયાર કરવા કહ્યું હતું. સરદાર પટેલે આ વાતચીત દરમિયાન કહ્યું હતું કે, દેશને બહુ ટૂંકા સમયમાં બેઠો કરવો હોય તો તેનો એક ઉપાય છે ગ્રોમોદ્ધાર. મોટાભાગનો ભારત દેશ ગામડામાં છે. ગામડાને સ્વાવલંબી કરવા જોઈએ. ભૂતકાળમાં ગ્રામભારતને ઘણી સગવડોથી વંચીત રહેવું પડ્યું હતું. જ્યારે શહેરી ભારતને બધી સગવડો મળી હતી. ભારતીય સ્વતંત્રતાના આ ઉદયકાળમાં ગામડાં અને શહેરની અસમાનતા દૂર કરવી જોઈએ. આ ઉદ્દેશ્યને સાધવા માટે ભાઈકાકાએ ગામડાંમાં જે સંસ્થાઓ ખોલવાનું સૂચન કર્યું હતું. ૯ ઑગસ્ટ ૧૯૪૨ના રોજ હિંદ છોડો લડતમાં બધા નેતાઓ પકડાઈ ગયા. ભાઈકાકાએ મ્યુનિસિપાલિટીમાં રાજીનામું મૂકી દીધું. રાજીનામું મંજૂર થયા પછી ભાઈકાકાએ ગામડાં માટે શું યોજના કરવી તે વિચારવાનું શરૂ કયું. તેમણે જોયું કે ગામડાંમાં ખેતી સિવાય કોઈ ઉદ્યોગ ન હતો. મોટાભાગની ચીજો શહેરમાં બનતી અને વિદેશથી આવતી વસ્તુઓ પણ શહેર દ્વારા ગામડામાં આવતી હતી. દેશમાં લડાઈને લીધે જ્યારે ચીજવસ્તુઓની અછત ઊભી થઈ ત્યારે ચીજોનો સંગ્રહ કરી તેના ભાવો વધારવામાં આ શહેરોમાં ટોળીઓ કે સિન્ડિકેટો ઊભા થયા. આમ, ગામડાનું આવું અનેક રીતે શોષણ થતું હતું.

૧૯૪૩ ના અંતમાં ભાઈકાકાએ આ દ્રષ્ટિએ વલ્લભ વિદ્યાનગરની યોજના તૈયાર કરી. ત્યારે ભાઈકાકા ચરોતર એજ્યુકેશન સોસાયટીના ચેરમેન ચૂંટાયા. આથી તેમને યોજનાનો પ્રચાર કરવાનું એક સારું ક્ષેત્ર મળી ગયું. ભીખાભાઈ પટેલ નામના શિક્ષક પણ તેમની સાથે જોડાયા. બંનેએ ગ્રામોસ્થાન માટે જમીન મેળવવાનું નક્કી કર્યું. માર્ચ ૧૯૪૫ સુધીમાં જમીન આપવા માટે ઓફરો આવતી થઈ. નાપાડ, મોગર, બાકરોલ અને કરમસદ ગામની ઓફરો આવી. જૂન ૧૯૪૫ માં આજે વિદ્યાનગર જ્યાં વિકસ્યું છે તે બધી જમીનોનો કબજો મળ્યો હતો. યોજનાના બંધારણો ઘડાયા અને સરદાર પટેલ આ જ સમયે જેલમાંથી છૂટયા હતા. ભાઈકાકાએ જુલાઈમાં તેમને પત્ર લખી કામનો ટૂંકસાર આપ્યો. ૪ ઑગસ્ટ ૧૯૪૫ ના રોજ અમદાવાદમાં મળીને ચારુતર વિદ્યામંડળ અને ચરોતર ગ્રામોદ્ધાર મંડળના બંધારણો આપ્યા. ૯ ઑગસ્ટથી સરદાર પટેલે ભાઈકાકા સાથે ચર્ચા શરૂ કરી. ૧૦ ઑગસ્ટ સાંજે સરદાર પટેલે ભાઈકાકાને કહ્યું કે, ભાઈલાલ આ તો તમે કરમસદનું કામ કરતા નથી, ખેડા જિલ્લાનું કામ કરતા નથી, ગુજરાતનું કામ કરતા નથી, પણ આ યોજના જો સફળ થાય અને મને ખાતરી થઈ ગઈ છે કે સફળ થવી જ જોઈએ. તો

 ISSN 0976-9609

વહેલા મોડા એક દિવસ એવો આવશે કે જ્યારે કરમસદ હિન્દુસ્તાનનું કેન્દ્ર બની જશે. કામની શરૂઆત કરો અને ફતેહ કરો !''

સરદાર પટેલ ત્યારપછી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે આવ્યા. ઈંટોનો ભઠ્ઠો, સો મીલ, વર્કશોપ, ફાઉન્ડરી હ્યુમપાઈપ ફેક્ટરી, મુદ્રણાલય, સુથારી અને લુહારી ખાતું વગેરે પૂરજોશથી કામ કરી રહ્યા હતા. વી.પી.કૉલેજનું ભવ્ય મકાન જોઈ સરદાર પટેલ ખુબ ખુશ થયા હતા. સિમેન્ટને બદલે માટી અને ચૂનાથી કામો ચાલતા હતા જે ન મળે તે ચલાવી લેવાની આ રીત સરદાર પટેલને બહુ ગમી હતી. દરેક જરૂરી વસ્તુ ત્યાં જ બનાવી લેવાનો આગ્રહ તેમને ખૂબ ગમ્યો.[૭] તેમણે ઈ.સ. ૧૮૪૭માં વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયની ઉદ્ઘાટનવિધિ વખતે ભાષણમાં કહેલું કે, ભાઈલાલભાઈ એ ધૂળમાંથી કંચન કર્યું. ચૌદ મહિનાથી ભાઈલાલભાઈ અહીં આવીને બેઠા છે. ઝાડ નીચે ખાટલામાં પડાવ નાખ્યો છે. તેર મહિનામાં જે કર્યું છે તે ઉપરથી ત્રણ વર્ષ પછી કેટલું થશે એની કલ્પના કરવાની છે. નવી ઢબનું આદર્શ ગામડું કેવું હોય અને નવેસરથી ગામડું કેવી રીતે વસાવવું એ કલ્પના છે.[૮]

ગામડાં અને ચરોતરના ઉદ્ધારનું બીજું કામ સરદાર પટેલે ત્રિભુવનદાસ કાશીભાઈ પટેલ દ્વારા કર્યું.[૯] સેવક રાવજીભાઈએ વલ્લભભાઈ પટેલને પરિસ્થિતિ અંગે પત્રમાં જણાવેલું કે, મોરારજીભાઈ દેસાઈના પ્રમુખપણા નીચે સામરખામાં તાલુકાના ખેડૂતોની પરિષદ બોલાવી ઠરાવ કર્યા હતા. 'આણંદ તાલુકા ખરીદ વેચાણ સંઘ' ને પણ તે હેતુથી હાથ પર લેવામાં આવ્યો હતો. વલ્લભભાઈ પટેલે અનેક વખત પોતાના ભાષણોમાં કહેલું કે, 'ખેડૂતોના ભોગે કમાનારો વચલો વર્ગ જોઈતો જ નથી.' તે પ્રમાણે તેઓએ કાર્ય કરવાનું શરૂ કરેલું. વલ્લભભાઈએ આ અંગે ખેડૂતોએ લાભ થાય તે કામ કરવા અને ઘરમાં ખટરાગ ઊભો ન થાય તે અંગે ચેતવણી આપી હતી.[૧૦] ત્રિભુવનદાસ પટેલને પોલસન ડેરી દ્વારા થતા ખેડૂતોના શોષણની વાત કરી. જો સહકારી ડેરી હોય તો મોટાભાગનો નફો કરોડો રૂપિયા ખેડૂતોના ઘરમાં જ જાય. સરદાર પટેલને આ વિચાર ગમ્યો. સરદાર પટેલે નેધરલેન્ડની રીતે અમૂલ ડેરી જેવી ઉત્તમ સંસ્થાઓ ઊભી કરાવી.[૧૧]

આમ, સરદાર વલ્લભભાઈ પટેલ ગામના ઉત્કર્ષ માટે, સ્વરાજ માટે આત્મનિર્ભરતા કેળવણીના આગ્રહી હતા. ગામમાં સ્વચ્છતા રાખવી. જરૂરી વસ્તુઓનું ઉત્પાદન જાતે કરવું. સ્ત્રીઓનું સન્માન કરવું, બાળકોને યોગ્ય સંસ્કાર આપવા, શાળાનું શિક્ષણ ગામના ઉત્કર્ષનું રાખવું. ગ્રામ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું, ઊંચ નીચના ભેદભાવ ન રાખવા, દરેક વ્યક્તિને સન્માન આપવું. બાળકથી લઈને મજૂર સુધી બધાને કેળવણી આપવી, આદર્શ ગામ બનાવવા માટે ગામની રચના કેવી હોવી જોઈએ. તેના રસ્તા, સુવિધા કેવા હોવા જોઈએ. આદર્શ ગામની પરિભાષા સરદાર પટેલના ભાષણોમાં અવારનવાર જોવા મળે છે. ગ્રામોદ્ધાર દ્વારા જ દેશની પ્રગતિ થઈ શકે છે.

**સંદર્ભ ગ્રંથસૂચિ :** (૧) પરીખ નરહરિ દ્વારકાદાસ અને ઉત્તમચંદ દીપચંદ શાહ (સંપા.) ૨૦૧૩. સરદાર વલ્લભભાઈનાં ભાષણો (૧૯૧૮ થી ૧૯૪૭) અમદાવાદઃ નવજીવન પ્રકાશન મંદિર. પૃ.૩૨૦-૩૨૨(૨) એજન. પૃ.૩૭૧ (૩) એજન. પૃ.૧૨૭, ૧૨૮.(૪) એજન. પૃ. ૩૬૯, ૩૭૦. (૫) એજન. પૃ.૪૪૦(૬) એજન. પૃ.૪૪૩. (૭) ઝવેરી, બિપીન. (પ.વ.ન.) રાષ્ટ્રવિધાયક સરદાર વલ્ભભાઈ, અમદાવાદઃ નવજીવન પ્રકાશન મંદિર. પૃ.૩૦૦-૩૦૬. (૮) પરીખ, નરહરિ દ્વારકાદાસ અને ઉત્તમચંદ દીપચંદ શાહ (સંપા.) ૨૦૧૩ સરદાર વલ્ભભાઈનાં ભાષણો (૧૯૧૮થી ૧૯૪૭). અમદાવાદઃ નવજીવન પ્રકાશન મંદિર. પૃ.૪૪૦ (૯) ઝવેરી, બિપીન. (પ.વ.ન.) રાષ્ટ્રવિધાયક સરદાર વલ્ભભાઈ, અમદાવાદઃ નવજીવન પ્રકાશન મંદિર. પૃ.૩૦૦-૩૦૬. (૧૦) પટેલ, મણિબહેન વલ્લભભાઈ અને ગ.મા.નાંદુરકર (સંપા.) ૧૯૮૧. સરદારશ્રીનાં પ્રો-૨ ગુજરાતના સાથીઓને અમદાવાદઃ સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ભવન. પૃ.૩, ૪. (૧૧) ઝવેરી, બિપીન. (પ.વ.ન.) રાષ્ટ્રવિધાયક સરદાર વલ્ભભાઈ, અમદાવાદઃ નવજીવન પ્રકાશન મંદિર. પૃ.૩૦૬.

અનુસ્નાતક ઇતિહાસ વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

॥ ચિંતનકણિકા ॥

## Shakespeare Quote

આર. કે. માંડલિયા

"Suit the action to the word, the word to the action, With this special observance that you overstep noty the modesty of nature".
(William Shakespeare's Hemlet Act:III Scene: II)

ઉપરોક્ત વાક્ય વિલિયમ શેકસપિયરની મહાન કરુણાંતિકા હેમલેટમાં કથાનો નાયક હેમલેટ પોતે કેટલા નટ-નટીઓને સંબોધન કરતી વખતે બોલે છે. પ્રસ્તુત વાક્ય નાટકના ત્રીજા અંકના બીજા દશ્યોમાં નટો અને નટીઓને એક સલાહ સ્વરૂપે પ્રયોજાયું છે. હેમલેટનાં પિતા પ્રેતાત્માએ તો એ સ્પષ્ટ કરી દીધું જ છે કે તેની હત્યા તેની પત્નિ અને તેના ભાઈએ સાથે મળીને રચેલા એક ષડયંત્રના રૂપે કરવામાં આવી છે. પરંતુ હેમલેટ એ રેનેસાં-નવચેતના અને નવજાગૃતિ કરણનાં સમયકાળ દરમ્યાન આલેખાયેલું પાત્ર છે. અને તેથી તે કોઈપણ બાબતને ધારણાઓ ઉપર છોડી દેવા નથી માગતો. પોતાની માતા અને કાકાના ગુનાહિત માનસને પકડવા માટે હેમલેટ પોતાના મહેલમાં એક નાટક ભજવવા કેટલા નટ-નટીઓને આમંત્રિત કરે છે. તેઓએ એવા જ કથાનક વાળી ઘટના ભજવવાની છે જે ઘટના વાસ્તવમાં હેમલેટના પરિવારમાં બની ગઈ છે. પ્રેક્ષકો સ્વરૂપે તેણે તેની માતા અને કાકા (હવે પિતા પણ ખરા) ને આમંત્રિત કર્યા છે. હેમલેટ તે નાટકની ભજવણી સમયે પોતાની માતા અને કાકાના હાવ-ભાવનું અવલોકન કરશે અને તે રીતે પ્રેતાત્માની વાત સાચી છે કે માત્ર એક કલ્પના છે તેનો તાગ મેળવશે. તે નાટકનું નામ પણ પ્રતિકાત્મક છેઃ ધ માઉસટ્રેપ એટલે કે, ઉંદર પકડવાનું પાંજરું. પણ વાત્સવમાં તે ઉંદર અન્ય કોઈ નહિ પણ તેના કાકા ક્લોડિયમસ પોતે છે.

નાટ્યકાર શેકસપિયરની આ નાટ્યકલાને ''પ્લે વિધિન પ્લે ટેકનીક''થી ઓળખવામાં આવે છે. કૃતિનું આ દશ્ય સાહિત્યના ક્ષેત્રમાં મનોવિજ્ઞાનની ઉપસ્થિતિ અને ''મનોપૃથ્થકરણ'' સાયકો એનાલીસીસ નું ઉત્તમ ઉદાહરણ પુરું પાડે છે.

આમંત્રિત નટો અને નટીઓ પોતાનું નાટક શરૂ કરે તે પહેલા હેમલેટ તેમને સમજાવતા કહે છે કે તેમણે જે અભિનય કરવાનો છે અને જે બોલવાનું છે તે બન્નેની વચ્ચે સુભગ સમન્વય રહેવો જોઈએ. અભિનયનો અતિરેક પણ ન થાય તેનું ધ્યાન રાખવાનું છે. કૃતિના અનુસંધાનમાં પ્રસ્તુત વાક્યનું આવું અર્થઘટન થાય છે.

પરંતુ પ્રસ્તુત વાક્યનો અર્થ કૃતિ માત્ર સુધી સિમિત ન રહેતા વિશાળ ફલક ઉપર વિસ્તરે છે. દરેક માનવીના કાર્યો અને શબ્દોમાં પણ તાલમેલ-ટયુનીંગ અત્યંત જરૂરી છે. પરંતુ હકીકત એ છે કે મોટાભાગના માનવીઓનાં કાર્યો અને શબ્દોમા કોઈ તાલમેલ હોતો નથી. ગુજરાતી ભાષામાં તો તેના માટે એક રૂઢિ-પ્રયોગ પણ છે કે માનવીની કથની એ કરની વચ્ચે ભિન્નતા ન હોવી જોઈએ. જ્યારે માનવી જે બોલે છે તેજ કરતો હોય અને જે કરતો હોય તે જ બોલતો હોય તો તેને સાચા અર્થમાં પોતાનાં વચનનો પાક્કો માનવી કહી શકાય. પ્રસ્તુત વાક્ય દ્વારા નાટ્યકારે એ બાબત પ્રત્યે અંગૂલિનિર્દેશ કયો છે કે માનવીની કથની અને કરનીમાં સામ્યતા હોવી જરૂરી છે. ટૂંકમાં પ્રસ્તુત વાક્ય માનવીના શબ્દો અને કાર્યો વચ્ચેની સામ્યતાનું મહિમા-મંડન કરે છે.

---

ફોન (મો) ૯૮૨૪૯ ૧૬૨૧૯


ISSN 0976-9609

## ॥ સાંપ્રત ॥

## બહુધ્રુવીય વિશ્વ અને વૈશ્વિક દક્ષિણ માટે બ્રિક્સનું મહત્વ

બી. એમ. પરમાર

આંતરરાષ્ટ્રીય સંબંધો અને ભૌગોલિક રાજનીતિના ક્ષેત્રમાં અત્યારે એક એવો ઐતિહાસિક અને યુગાંતરકારી બદલાવ આવી રહ્યો છે, જે આવનારી સદીઓ સુધી વિશ્વ વ્યવસ્થાને પ્રભાવિત કરશે. શીત યુદ્ધના અંત પછી જે એકધ્રુવીય વિશ્વ વ્યવસ્થા ઉદ્ભવી હતી, જેમાં પશ્ચિમી દેશોનું આધિપત્ય અને વર્ચસ્વ હતું, તેનો હવે અંત આવી રહ્યો છે. તાજેતરમાં નવી દિલ્હી, ભારત ખાતે ૧૨ થી ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ આયોજિત ૧૮મું 'બ્રિક્સ' (BRICS) શિખર સંમેલન આ વૈશ્વિક પરિવર્તનનું સૌથી સશક્ત અને જીવંત ઉદાહરણ છે. બ્રિક્સ હવે માત્ર પાંચ કે દસ દેશોનું આર્થિક સંગઠન નથી રહ્યું, પરંતુ તે 'વૈશ્વિક દક્ષિણ' (Global South-ઉભરતા અને વિકાસશીલ રાષ્ટ્રો) નો બુલંદ અવાજ અને નવીન બહુધ્રુવીય વિશ્વની મજબૂત આધારશિલા બની ચૂક્યું છે.

ઋગ્વેદનો એક શ્લોક છે ''સમાનિ વ આકૂતિ સમાના હૃદયાનિ વઃ'' અર્થાત્? આપણા સૌના સંકલ્પો સમાન હોય અને આપણા સૌના હૃદય સમાન હોય. બ્રિક્સ રાષ્ટ્રોની આ ૧૮મી બેઠક આજ ભાવનાને ચરિતાર્થ કરે છે, જ્યાં પરસ્પર આદર, સાર્વભૌમ સમાનતા, એકતા, અને લોકશાહીના સિદ્ધાંતો પર એક નવા વિશ્વનું નિર્માણ થઈ રહ્યું છે.

ભૌગોલિક રાજનીતિના સિદ્ધાંતો અનુસાર, જ્યારે સત્તા અને શક્તિ કોઈ એક મહાસત્તાના હાથમાં કેન્દ્રિત થાય છે, ત્યારે તે હંમેશા અસંતુલન, અન્યાય અને સંઘર્ષને જન્મ આપે છે. નવી દિલ્હી ઘોષણાપત્ર સ્પષ્ટપણે એ વાત પર ભાર મૂકે છે કે વર્તમાન સમયની વાસ્તવિકતા 'બહુધ્રુવીયતા' છે. વિશ્વના કોઈપણ એક દેશ કે દેશોના સમૂહ પાસે વૈશ્વિક શાસન વ્યવસ્થાનો એકાધિકાર હોવો જોઈએ નહીં. આજના સમયમાં જ્યારે વિશ્વમાં ભૌગોલિક રાજકીય તણાવ ચરમસીમા પર છે, આર્થિક મંદીનો ભય તોળાઈ રહ્યો છે, તકનીકી ક્ષેત્રે ઝડપી અને અકલ્પનીય ફેરફારો થઈ રહ્યા છે, અને આબોહવા પરિવર્તન જેવી ગંભીર સમસ્યાઓ મોજૂદ છે, ત્યારે બહુધ્રુવીય વિશ્વ જ એકમાત્ર એવો વિકલ્પ છે જે વિશ્વને સ્થિરતા પ્રદાન કરી શકે છે. બ્રિક્સ સંગઠન આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને સંયુક્ત રાષ્ટ્ર (UN) ના ચાર્ટરના સિદ્ધાંતોને સર્વોપરી માનીને એક ન્યાયી અને સમાન આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની હિમાયત કરે છે.

બ્રિક્સ દેશોએ સ્પષ્ટ શબ્દોમાં વૈશ્વિક સંસ્થાઓની વર્તમાન ખામીઓ પર પ્રહાર કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રની રચના બીજા વિશ્વ યુદ્ધ પછી થઈ હતી, પરંતુ આજે આઠ દાયકા પછી પણ તેની સંરચનામાં કોઈ ખાસ બદલાવ આવ્યો નથી. નવી દિલ્હી ઘોષણાપત્રમાં અત્યંત તાર્કિક મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે કે સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવના પદ પર આજ દિન સુધી કોઈ મહિલાની નિમણૂક થઈ નથી. એટલું જ નહીં, લેટિન અમેરિકા અને કેરેબિયન દેશોમાંથી માત્ર એક જ વ્યક્તિ અને આફ્રિકા તથા એશિયામાંથી માત્ર બે-બે વ્યક્તિ જ આ ઉચ્ચ પદ સુધી પહોંચી શક્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં વિકાસશીલ દેશોના પ્રતિનિધિત્વ અંગે બ્રિક્સે મક્કમ વલણ અપનાવ્યું છે. આફ્રિકન દેશોની કાયમી સભ્યપદ માટેની માંગને ટેકો આપવામાં આવ્યો છે. ખાસ કરીને, ભારત અને બ્રાઝિલને સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ મળે તે માટે રશિયા અને ચીન દ્વારા પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે, જે ભારતની વધતી કૂટનીતિક તાકાતનું પ્રમાણ છે.

આર્થિક મોરચે જોઈએ તો, વૈશ્વિક ઉત્પાદન

અને વિકાસમાં ઉભરતા બજારોનો હિસ્સો નોંધપાત્ર રીતે વધ્યો હોવા છતાં, ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) અને વિશ્વ બેંક (World Bank) જેવી બ્રેટન વુડ્સ સંસ્થાઓમાં હજુ પણ જૂની પુરાણી પદ્ધતિઓ અને પશ્ચિમી દેશોનો દબદબો ચાલે છે. બ્રિક્સે આ સંસ્થાઓને વધુ પારદર્શક, જવાબદાર અને વિકાસશીલ દેશોનું યોગ્ય પ્રતિનિધિત્વ કરતી બનાવવાની તાતી જરૂરિયાત પર ભાર મૂક્યો છે. વૈશ્વિક દક્ષિણ હવે વૈશ્વિક અર્થતંત્રમાં માત્ર મૂક પ્રેક્ષક બનીને રહેવા માંગતું નથી, પરંતુ નીતિ-નિર્માણમાં સમાન હિસ્સેદાર બનવા માંગે છે.

વર્ષ ૨૦૨૬માં ભારતની સફળ બ્રિક્સ અધ્યક્ષતા એ માત્ર એક ઔપચારિક જવાબદારી નહોતી, પરંતુ તેણે સાબિત કર્યું છે કે ભારત વૈશ્વિક મંચ પર એક જવાબદાર, રચનાત્મક, શાંતિપ્રિય અને નિર્ણાયક નેતા છે. ભારતના નેતૃત્વની ભવ્યતા અને સંગઠનાત્મક ક્ષમતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે આ અધ્યક્ષતા હેઠળ દેશના ૩૦ અલગ-અલગ શહેરોમાં મંત્રીઓ, સંસદસભ્યો, નિષ્ણાતો, ઉદ્યોગપતિઓ અને સામાન્ય નાગરિકોના સ્તરે ૪૦૦ થી વધુ બેઠકો યોજાઈ. આ માત્ર રાજદ્વારી કવાયત નહોતી, પરંતુ તે ભારતની વિશાળ સંસ્કૃતિ, વિવિધતા અને લોકતાંત્રિક મૂલ્યોનું વૈશ્વિક પ્રદર્શન હતું. તેને કૂટનીતિક ભાષામાં સોફ્ટ પાવર (Soft Power) નો સર્વોત્તમ ઉપયોગ કહી શકાય. આ જન-કેન્દ્રિત અભિગમે બ્રિક્સને રાજકીય ગલિયારાઓમાંથી બહાર કાઢીને લોકો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. વિશેષ રૂપે, ભારતે આઉટરીચ/બ્રિક્સ પ્લસ ડાયલોગનું આયોજન કરીને પોતાની મુત્સદ્દીગીરીની પરિપક્વતા સાબિત કરી છે. આ મંચ દ્વારા ભારતે બ્રિક્સની બહારના અન્ય વિકાસશીલ દેશોને પણ આમંત્રિત કર્યા અને આંતરરાષ્ટ્રીય સહકાર તથા એકતાને નવી ગતિ પૂરી પાડી. ભારતની આગેવાનીએ વૈશ્વિક ઉત્તર (વિકસિત દેશો) અને 'વૈશ્વિક દક્ષિણ' (વિકાસશીલ દેશો) વચ્ચે સંઘર્ષના બદલે એક મજબૂત સેતુ (ઇશિમલય) બાંધવાનું કાર્ય કર્યું છે. ભારત હંમેશા ''વસુધૈવ કુટુમ્બકકમ'' (સમગ્ર વિશ્વ એક પરિવાર છે) ની ભાવનામાં માને છે. આ ઘોષણાપત્ર માત્ર આર્થિક કે રાજકીય દસ્તાવેજ નથી, પરંતુ તે એક ઊંડો સામાજિક અને માનવીય દ્રષ્ટિકોણ પણ ધરાવે છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) ના ઠરાવ ૮૦/૨૫૦ ને આવકારીને બ્રિક્સ દેશોએ આફ્રિકન લોકોની ગુલામી અને રંગભેદને માનવતા વિરુદ્ધનો સૌથી મોટો ગુનો ગણાવ્યો છે. વસાહતવાદ, જાતિવાદ, ઝેનોફોબિયા (પરપ્રાંતિય ધિક્કાર), અને ધર્મના આધારે થતા ભેદભાવ વિરુદ્ધ અવાજ ઉઠાવીને બ્રિક્સે સાબિત કર્યું છે કે વૈશ્વિક દક્ષિણના દેશો હવે તેમના ઐતિહાસિક શોષણને ભૂલ્યા નથી અને ભવિષ્યમાં આવા કોઈપણ પ્રકારના વર્ચસ્વને સહન કરવા તૈયાર નથી. ખોટી માહિતી અને દ્વેષપૂર્ણ ભાષણો સામે લડવાની કટિબદ્ધતા આજના ડિજિટલ યુગમાં અત્યંત પ્રસ્તુત છે.

## આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા વર્તમાન સમયની માંગ

આજે વિશ્વના અનેક ભાગોમાં યુદ્ધ અને અશાંતિનો માહોલ છે. બ્રિક્સ દેશોએ સ્પષ્ટ કર્યું છે કે સુરક્ષા એ અવિભાજ્ય છે; એટલે કે કોઈ એક દેશ પોતાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અન્ય દેશની સુરક્ષાને જોખમમાં મૂકી શકે નહીં. કોઈપણ સંઘર્ષના મૂળ કારણોને સમજીને તેનો રાજદ્વારી અને કૂટનીતિક ઉકેલ લાવવો એ જ બહુધ્રુવીય વિશ્વની કાર્યપદ્ધતિ હોવી જોઈએ. ભૌગોલિક રાજનીતિના ઉચ્ચ સ્તરીય દ્દષ્ટિકોણથી મૂલ્યાંકન કરીએ તો, બ્રિક્સનું આ વિસ્તરણ અને ૨૦૨૬નું નવી દિલ્હી શિખર સંમેલન ભવિષ્યના વૈશ્વિક માળખાને ધરમૂળથી બદલી રહ્યું છે. કૌટિલ્ય ચાણક્યની ષડ્ગુણ્ય નીતિ કહે છે કે, ''શક્તિશાળી સાથે મિત્રતા અને સમાન શક્તિવાળા સાથે જોડાણ જ રાષ્ટ્રની સુરક્ષા નક્કી કરે છે.'' બ્રિક્સ


ISSN 0976-9609

સંગઠન આ સમાન શક્તિવાળા દેશોનું જોડાણ છે, જે વૈશ્વિક વ્યવસ્થાને અંકુશમાં રાખવા માંગતી જૂની મહાસત્તાઓને પડકારી રહ્યું છે. સાચી વૈશ્વિક શાંતિ ત્યારે જ શક્ય બને છે જ્યારે સત્તા, સંસાધનો અને સંપત્તિની વહેંચણી ન્યાયી હોય. બ્રિક્સ આ જ ન્યાયી સિદ્ધાંતને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં લાગુ કરવા માટેનું સૌથી પ્રભાવશાળી માધ્યમ બની ગયું છે, જ્યાં નાના અને વિકાસશીલ દેશોનો અવાજ પણ વૈશ્વિક નીતિ-નિર્માણમાં કેન્દ્ર સ્થાને છે.

ભારતનું સબળ, ગતિશીલ અને સર્વસમાવેશક નેતૃત્વ આ સંગઠનને નવી ઊર્જા, આત્મવિશ્વાસ અને સ્પષ્ટ દિશા પ્રદાન કરી રહ્યું છે. સરવાળે કહીએ તો, બ્રિક્સ દ્વારા વૈશ્વિક દક્ષિણનો આ ઉદય એ આધુનિક વૈશ્વિક ઇતિહાસનું એવું સુવર્ણ પ્રકરણ છે, જે પશ્ચિમી વર્ચસ્વનો અંત લાવીને વૈશ્વિક વ્યવસ્થાને વધુ સંતુલિત અને માનવ-કેન્દ્રિત બનાવી રહ્યું છે.

પ્રિન્સિપાલ,
નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ,
વલ્લભ વિદ્યાનગર

## ।। વિદ્યાવૃત્ત ।।

### આઈસ્ટાર કૉલેજ ખાતે વિદ્યાર્થિનીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો :

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિદ્યાર્થિનીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન આંતરિક ફરિયાદ સમિતિ (Internal Complaint Comm- ittee-ICC), ફરિયાદ નિવારણ સેલ (Grievance Redressal Cell), મહિલા સશક્તિકરણ સેલ (Women Empowerment Cell) અને સમાન તક સેલ (Equal Opportunity Cell) દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. શિલ્પા ગુપ્તેએ આઈસ્ટાર કૉલેજમાં કાર્યરત વિવિધ સેલનો પરિચય કરાવ્યો હતો આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં અધિકારો, સલામતી, સમાનતા, સન્માન, સશક્તિકરણ તથા સંસ્થામાં ઉપલબ્ધ સહાય અને ફરિયાદ નિવારણની વ્યવસ્થા અંગે જાગૃતિ કેળવવાનો હતો.

### આઈસ્ટાર કૉલેજના પર્યાવરણ વિભાગ દ્વારા વેસ્ટ મેનેજમેન્ટ વિષય પર એક્સપર્ટ ટોક યોજાઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમયુની સંસ્થા આઈસ્ટારના પર્યાવરણ વિભાગ દ્વારા તાજેતરમાં વેસ્ટ મેનેજમેન્ટ વિષય પર એક્સપર્ટ ટોક યોજાઈ હતી. જેમાં આઈસ્ટાર કૉલેજના પર્યાવરણ, માઇક્રોબાયોલોજી તથા એમઆઈએચએસ વિભાગના પ્રથમ અને તૃતીય સેમિસ્ટરના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં મુખ્ય વક્તા તરીકે ગાંધીનગરની પ્રતિષ્ઠિત સંસ્થા ગુજરાત એન્વાયરોમેન્ટલ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટના ડેપ્યુટી પર્યાવરણ ઇજનેર ગુંજન ગુપ્તા હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પર્યાવરણ વિભાગના અધ્યાપકો ડૉ. હિરેન સોની અને પ્રાચી પટેલે કર્યું હતું.

### આઈસ્ટાર કૉલેજના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ખાતે તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમયુની સંસ્થા આઇસ્ટાર કૉલેજના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ખાતે વિદ્યાર્થીઓને ઔદ્યોગિક એકમોમાં નોકરી મેળવવા માટે ઉપયોગી એવા તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં JCI અને ISTD સાથે સંકળાયેલા તેમજ નેશનલ ટ્રેનર પ્રો. રાજુ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. રાજુ રાઠોડ દ્વારા 'ProfessionalSkills for Employability' વિષય પર વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

**એમ. યુ. પટેલ (ટેક.) હાઈસ્કૂલમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી** : ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર દ્વારા આશીર્વાદિત એમ. યુ. પટેલ (ટેક.) હાઈસ્કૂલ ખાતે જન્માષ્ટમી પર્વની ભક્તિમય અને ઉત્સાહસભર ઉજવણી કરવામાં આવી હતી. પ્રસંગે ઇસ્કોન મંદિર, વલ્લભ વિદ્યાનગરથી પધારેલા સંતશ્રી આદિગુરુદાસજી અને સિદ્ધાંતદાસજી ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના આચાર્ય શ્રી હસિતભાઈ પાઠકે સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ સંતશ્રી આદિગુરુદાસજીએ વિદ્યાર્થીઓને આધ્યાત્મિક ઉદ્‌બોધન આપી શ્રીકૃષ્ણના જીવનમૂલ્યોનો સંદેશ આપ્યો હતો. તેમના માર્ગદર્શન હેઠળ ''હરે કૃષ્ણ, હરે રામ''ના સંકીર્તનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને વિદ્યાર્થીઓએ આનંદપૂર્વક સહભાગીતા કરી હતી.

**શાળામાં ફાયર સેફ્ટી તાલીમ અને મોકડ્રિલ યોજાઈ** : M.U. Patel (Tech.) High School, Vallabh Vidyanagar ખાતે વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા બિનશૈક્ષણિક સ્ટાફમાં આગ જેવી આપત્તિ સમયે સલામત રીતે બહાર નીકળવા અને આગ બુઝાવવાની યોગ્ય પદ્ધતિ અંગે જાગૃતિ આવે તે હેતુસર ફાયર સેફ્ટી મોક ડ્રિલ યોજાઈ હતી.

તાલીમ અને મોકડ્રિલ પહેલાં શાળાના શારીરિક શિક્ષણ વિષયના શિક્ષક શ્રી ખિનિતભાઈ માચી, આચાર્ય શ્રી હસિતભાઈ પાઠક તથા ફાયર ઓફિસર દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી સાવચેતી, સલામતી ના નિયમો તથા આપત્તિના સમયે અનુસરવાની પ્રક્રિયા અંગે સમજણ અને સૂચનાઓ આપવામાં આવી હતી.

**આઈસ્ટાર કૉલેજના પર્યાવરણ વિભાગ દ્વારા એલ્યુમની એક્સપર્ટ ટોક યોજાઈ :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમયુની સંસ્થા આઈસ્ટારના પર્યાવરણ વિભાગ દ્વારા તાજેતરમાં એલ્યુમની એક્સપર્ટ ટોક યોજાઈ હતી. જેમાં આઈસ્ટાર કૉલેજના પર્યાવરણ વિભાગના પ્રથમ અને તૃતીય સેમિસ્ટરના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં મુખ્ય વક્તા તરીકે વિદ્યાનગરની પ્રતિષ્ઠિત સંસ્થા સિકાર્ટના ટેકનિકલ આસિસ્ટન્ટ ડૉ. ધારા દેસાઇ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પર્યાવરણ વિભાગના અધ્યાપકો ડૉ. હિરેન સોની અને પ્રાચી પટેલે કર્યું હતું.

**ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં** સંસ્કૃત વિષયના શિક્ષક શ્રી અલ્પેશભાઈ ભોઈ દ્વારા સંસ્કૃત સપ્તાહ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ.જયશ્રીબેન દવે (પ્રાધ્યાપિકા, એમ.બી.પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન), શાળાના પ્રિ.અમિતકુમાર ભટ્ટ, નિરીક્ષકશ્રી પંકજકુમાર સોલંકીની ઉપસ્થિતિમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ શ્લોકગાન કર્યું તેમજ સંસ્કૃત વિષયના પ્રોજેક્ટ રજૂ કર્યા હતા અને ડૉ.જયશ્રીબેન દવે એ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી પ્રાચીન દેવ ભાષા સંસ્કૃત વિષે વિસ્તૃત સમજ આપી હતી.

**ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં** આચાર્ય ડૉ.અમિતકુમાર ભટ્ટના માર્ગદર્શન હેઠળ વિષય શિક્ષકશ્રી અલ્પેશભાઈ પટેલ, શ્રીમતી અંકિતાબેન પટેલ અને કુ.પેટ્વીસા મહીડા દ્વારા તરુણાવસ્થાના વિદ્યાર્થિઓનો માનસિક તણાવ, સંતુલન અને ઉપાય વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. સેમિનારના મુખ્ય વક્તા તરીકે સરદાર પટેલ યુનિ. સલગ્ન આણંદ આર્ટ્સ કોલેજના મનોવિજ્ઞાન વિભાગના હેડ અને આસી.પ્રોફેસર ડૉ.જીતુભાઈ ખાણિયા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ખૂબ સચોટ માર્ગદર્શન આપ્યું હતું, સેમિનારના અંતે શ્રી અલ્પેશભાઈ પટેલે આભાર વિધિ કરી હતી.



ISSN 0976-9609

# ગાંધીજી અને શાસ્ત્રીજીની જન્મજયંતી નિમિત્તે શાંતિ રેલીનું આયોજન




સરદાર પટેલ યુનિવર્સિટી અને ચારૂતર વિદ્યામંડળના સંયુક્ત ઉપક્રમે, વલ્લભવિદ્યાનગર ખાતે સી. વી. એમ. સેન્ટર ફોર ગાંધીયન સ્ટડીઝ દ્વારા ૨જી ઑક્ટોબરના રોજ આપણા દેશના બે મહાનુભાવો અને રાષ્ટ્રના ઘડૈયાઓ-રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતી નિમિત્તે નલિની આર્ટ્સ કૉલેજથી સરદાર પટેલ યુનિવર્સિટી સુધી એક ભવ્ય રેલી કાઢવામાં આવી હતી. આ રેલી દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા શાંતિ, ભાઈચારો અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપતા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા, જેનાથી સમગ્ર વલ્લભવિદ્યાનગરનું પરિસર દેશભક્તિ અને ગાંધીયન વિચારોથી ગુંજી ઉઠ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા પેઢીમાં ગાંધીજીના સત્ય-અહિંસાના વિચારો અને શાસ્ત્રીજીના સાદગી તથા રાષ્ટ્રભક્તિના મંત્રોને ઉજાગર કરવાનો હતો.

આ રાષ્ટ્રીય પર્વ અને શાંતિ રેલીના કાર્યક્રમમાં વલ્લભવિદ્યાનગરના શૈક્ષણિક જગતના દિગ્ગજો અને અગ્રણી મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. જેમાં ચારુતર વિદ્યામંડળના માનનીય ચેરમેન Er. શ્રી ભીખુભાઈ પટેલ, માનદ્ મંત્રી ડૉ. એસ. જી. પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.(ડૉ.) નિરંજનભાઈ પટેલ, કુલસચિવશ્રી ડૉ. ભાઈલાલભાઈ પટેલ, CVM યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) ઇન્દ્રજીત પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ વિશાલભાઈ પટેલ તથા મેહુલભાઈ પટેલ, ઓ.એસ.ડી. ડૉ. કેતકી શેઠ, તેમજ સી. વી. એમ. સેન્ટર ફોર ગાંધીયન સ્ટડીઝના ચેરપર્સન ડૉ. બી. એમ. પરમાર ઉપસ્થિત રહીને સમગ્ર આયોજનને દીપાવ્યું હતું. આ ઉપરાંત, વિવિધ વિભાગોના પ્રાધ્યાપકો અને મોટી સંખ્યામાં ઉત્સાહી વિદ્યાર્થીઓએ પણ રેલીમાં સક્રિય સહભાગિતા નોંધાવી હતી. શાસ્ત્રી મેદાન ખાતે પધારેલા તમામ મહાનુભાવો દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીજીની પ્રતિમાઓ કે મૂર્તિઓ સમક્ષ ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## ॥ સૂચના ॥

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશન થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિક ઉપરાંત સંચય સ્વરૂપ (digest)) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂર છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગુજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલીખર્ચ ન મોકલવું લેખ/કૃતિ અંગે કોઇ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિ.

૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર IFSC Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપૂરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઇ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસણીને મોકલવી.

૬. 'વિ-વિદ્યાનગર' દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ' ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમના સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

**૯. તંત્રીશ્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.**

**ડૉ. રાજીવ પટેલ**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, મદદનીશ ગ્રંથપાલ, ધ ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર**

**ઇ-મેઇલ** : editor.vidyanagar@gmail.com.

**લવાજમ**

**વાર્ષિક** : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦

**આજીવન** : ₹ ૧૫૦૦

**વિદેશમાં** : ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £

**છૂટક નકલની કિંમત** : ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦


ISSN 0976-9609

# નલિની કૉલેજમાં કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાવવા વિશે એક દિવસીય કાર્યશાળા યોજાઈ






ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની- અરવિંદ એન્ડ ટી.વી પટેલ આર્ટ્સ કૉલેજમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસકેન્દ્રના ઉપક્રમે કૉલેજ ખાતે ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત કાર્યરત 'જેન્ડર રિસોર્સ સેન્ટર, ગાંધીનગર' અને 'ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ'ના સંયુક્ત ઉપક્રમે ''જેન્ડર એન્ડ ડેવલપમેન્ટ અને કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને રોકથામ) અધિનિયમ ૨૦૧૩'' વિષય પર એક દિવસીય વિશેષ કાર્યશાળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રી ડૉ. એસ. જી. પટેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી પ્રો. (ડૉ.) અમીબેન ઉપાધ્યાય, કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. બી. એમ. પરમાર, જોઈન્ટ ચેરિટી કમિશનર વડોદરાના ડૉ. યોગિનીબેન શિમ્પી, તેમજ જેન્ડર રિસોર્સ સેન્ટરના જેન્ડર રિસોર્સ ઓફિસર સુશ્રી શૈલેન્દ્રકુમારી ઝાલા, **BAOU** લાઈબ્રેરી સાયન્સના હેડ પ્રો. પ્રીયાંકી વ્યાસ, વિદ્યાર્થી વિકાસના નિયામક ડૉ. નિશાબેન જોષી અને ઈતિહાસ વિભાગના અધ્યાપિકા ડૉ. સોનલ ચૌધરી, કૉલેજની મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખશ્રી ડૉ. બી. એમ. ગજેરા, BAOU અભ્યાસકેન્દ્રના સહ સંયોજક ડૉ. મહેશભાઈ પરમાર, સમગ્ર નલિની પરિવાર તથા ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

BOOK POST
October 2026

V-Vidyanagar 28 (10)
Published on 05/10/2026
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. GUJGUJ/2001/05433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

**World Animal Day**




Heinrich Zimmermann, a German writer, publisher, and animal lover, organized the first World Animal Day on March 24, 1925. In 1929, World Animal Day changed to October 4th. Germany, Austria, Switzerland, and Czechoslovakia celebrated the first World Animal Day. In 1931, the International Animal Protection Congress in Italy adopted the resolution to officially make October 4th World Animal Day, to be celebrated around the world. (Source: Google)

**Editor : Rajiv Patel**

**If undelivered, return to**
Dr. S. G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )